# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૩૮ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૧૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 138 • Dt. 27-12-2024 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

27 DECEMBER- 2024 FRIDAY




P.07

અમેરિકી રાષ્ટ્રપતિએ રશિયાના મિસાઈલ હુમલાની નિંદા કરી



P.07

અભિનેતા અર્જુન કપૂર ઓનલાઈન છેતરપિંડીનો શિકાર બન્યો

જમ્મુ અને કાશ્મીરમાં તાપમાન -૨૫ ડિગ્રીએ પહોંચ્યું । દાલ સરોવર થીજી ગયું



07



07

જાપાન એરલાઇન્સ પર મોટો સાયબર હુમલો । ડઝનબંધ ફ્લાઇટ્સ પ્રભાવિત


Treatment by
ORTHOPAEDIC SUPER SPECIALISTS
Under One Roof.

DR. PRANJEL PIPARA
• Sport Injury
• Knee Replacement
• Arthroscopy Surgeon

DR. DAIVESH SHAH
• Shoulder Surgeon
• Cartilage Specialist
• Arthroscopy Surgeon

DR. KARN MAHESHWARI
• Hand Surgeon
• Hand Reconstruction

DR. VIRAL GAJJAR
• Joint replacement
• Trauma Surgeon

DR. HARSH VYAS
• Foot & Ankle Surgeon

VERDDAAN HOSPITALS
Opp. Prahladnagar Fire Station, Corporate Road, Nr. YMCA Club, Off. S.G. Highway, Ahmedabad.
Call for Appointment +91 90900 80505
www.verddaan.com

ઉધઈ-માકડ-વંદા
જૂના અને જાણીતા જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ
ઉધઈ નિયંત્રણ
અજયભાઈ મો. ૬૩૫૪૮ ૬૩૫૭૪ મો. ૬૩૫૪૯ ૮૪૨૬૧
ફક્ત ઈમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે ઉધઈ ટ્રીટમેન્ટ
હાઈટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ
ઉધઈ-માકડ-વંદા વગેરે દવા છાંટી આપશું.
નવા બનતા મકાનમાં ગેરંટી પાઈપ સિસ્ટમમાં સ્પેશ્યલ પ્રેસર મશીનથી દવા નાખી આપવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)
જ્યોતિષી ડૉ.આર.જે.દવે (દવે ગુરૂજી)
જ્યોતિષશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્રમાં PHD
આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણથી સચોટ અને શાસ્ત્રીય માર્ગદર્શન
વિશ્વના ૨૦ ઉપરાંત દેશોમાં અસંખ્ય સંતુષ્ટ ગ્રાહક વર્ગ
વિકટ પરિસ્થિતિમાં બંધ પડેલ બિઝનેસ કારખાના કે N.P.A. થયેલ કંપનીઓને ફરીથી ધમધમતા કરવા માટે ખાસ મળો.
૧૨, પહેલોમાળ, કર્મવીર સામ્રાજ્ય, બેંક ઓફ બરોડાની ઉપર, વી.કે.વી.રોડ, નડીઆદ.
astroministry@gmail.com 99740 92777

ઓછું સાંભળવું ક્યાંક તમને તમારા પરિવારથી દૂર ન કરી દે. બહેરાશને અવગણશો નહિં....
નવા અદ્યતન ડીજીટલ હીયરીંગ એઈડ યોગ્ય સલાહ લઈ હીયરીંગ એઈડ (કાનનું મશીન) અપનાવો.
• ઓડીયોલોજીસ્ટ દ્વારા હીયરીંગ ટેસ્ટીંગ અને હીયરીંગ એઈડ પ્રીસ્ક્રીપ્શન
• ડીજીટલ હીયરીંગ મશીન્સ
• સરકારી કર્મચારી પેન્શનરોને રૂા.50,000/- સુધીના કાનના મશીનનું રીએમ્બેસમેન્ટ થઈ શકે છે.
• હીયરીંગ એઈડ ફક્ત રૂા.10,000/- થી શરૂ
• રીચાર્જેબલ હીયરીંગ એઈડ રૂા.24,000/- થી શરૂ
એપોઈન્ટમેન્ટ લઈને આવવું જરૂરી. સંપર્ક : 079-26765186, 9327901950
સહારા સ્પીચ એન્ડ હીયરીંગ ક્લિનીક
૩૦૧, કડકિયા હાઉસ, અંકુર ચાર રસ્તા, અંકુર બસ સ્ટોપ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩.
શોપ નં.૩-૪, જ્યોતિ પ્લાઝા, શ્યામલ ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૧૫
દુકાન નં. ૧૦, પહેલો માળ, શ્રી ઉમિયા માતા કોમ્પલેક્ષ, ઊંઝા બસ ડેપો અંદર, ઊંઝા. M.: +91 7486035104, 9265615021

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકત અને ENERGY વધારો
Play Win Capsule
Play Win Oil
તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
100% Ayurvedic • No Side effects • 100% Vegetatrian • 17 Precious Herbs
ફક્ત પુરુષો માટે પ્લે-વિન કેપ્સ્યુલ
પ્લે-વિન-F
Available on : Flipkart
બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે

વીજળીના બિલને કરો 0
Navkalp SOLAR
Since 2013
it's time to save
નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર
25 YEARS WARRANTY
ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની
Help Line +91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University
KAMLA AMRUT INSTITUTE OF NURSING
પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪
B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ (PCB + ENGLISH)
P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ
GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી
ઉપલબ્ધ સુવિધાઓ
• ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
• અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
• અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
• સ્માર્ટ ક્લાસરૂમ
• ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
• હોસ્ટેલની સુવિધા
• એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
• SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા
9638358158, 7567020200, 9313304367

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## સુરતમાં મંગેતરે જ ગળુ કાપીને ૨૫ વર્ષીય યુવતીને મોતને ઘાટ ઉતારી

। પ્રતિનિધિ, સુરત, તા.૨૬ ।

સુરતમાં દિનપ્રતિદિન ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે, ત્યારે સુરતના વરાછા વિસ્તારમાં એક ૨૫ વર્ષીય યુવતીની કરપીણ હત્યા કરવામાં આવી છે. યુવતીને અન્ય યુવક સાથે અફેર હોવાની શંકાએ મંગેતરે યુવકે જ હત્યા કરી હતી. યુવતીને ગળાના ભાગે ચપ્પુ મારીને હત્યા કરવામાં આવી છે, આ સિવાય યુવકે યુવતી પર એક કરતાં વધુ ઘા ઝીંક્યા હતા. પોલીસે હાલ હત્યારા યુવકને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, સુરતના વરાછા વિસ્તારમાં એક દર્દનાક ઘટના બની છે. વરાછા વિસ્તારમાં આવેલ હરિધામ સોસાયટીમાં ૨૫ વર્ષીય યુવતીની દર્દનાક રીતે હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે યુવતીની જેની સાથે સગાઈ થઈ હતી તે યુવકે જ યુવતીની હત્યા કરવામાં આવી હતી. ગળાના ભાગે ચપ્પુ મારીને યુવતીના મંગેતપે હત્યા કરી છે. હાલ તો હત્યાનું કારણ અકબંધ છે, પરંતુ હત્યારો હત્યા કરીને ફરાર થઈ ગયો છે.

## અમદાવાદ-રાજકોટ હાઈવે પર ૪ વાહનો વચ્ચે અકસ્માત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ-રાજકોટ હાઈવે પર વધુ એક અકસ્માતની ઘટના બની છે. ભમાસરા ગામ નજીક થયેલા એક સાથે ચાર વાહનોનો અથડાયા હતા. જેના કારણે વાહનોમાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં બે લોકોના મૃત્યુ નિપજ્યા હતા અને ત્રણ ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પી.એમ અર્થે ખસેડીને વધુ તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી અનુસાર, અમદાવાદ-રાજકોટ હાઈવે પર ભમાસરા ગામ નજીક રાજકોટથી અમદાવાદ આવતા આઈસર ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. તે ડિવાઈડર કૂદી અન્ય વાહનો સાથે અથડાઈ હતી. આઈસર સીએનજી હોવાથી તેમાં આગ લાગી હતા. જ્યારે અન્ય ત્રણ વાહનો પણ આગની ઝપેટમાં આવી ગયા હતા. જેમાં બે લોકોના મૃત્યુ નિપજ્યા હતા અને ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

### અમદાવાદના એક કિસ્સાએ બધાને ચોંકાવી દીધા હતા

# એક ગર્ભવતી પરિણીતાએ લેસ્બિયન સંબંધમાં પતિને છોડ્યો । ગુજરાત હાઈકોર્ટે તરફેણ કરી

**પત્ની તેની નાનપણની બહેનપણી સાથે જતી રહી હોવાના ગંભીર આક્ષેપ કરતી હેબિયર્સ કોર્પસ અરજી એક પતિ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।



થોડા દિવસો પહેલા ગુજરાતના અમદાવાદના એક કિસ્સાએ બધાને ચોંકાવી દીધા હતા. પતિએ પત્નીના ગુમ થયા બાદ ગુજરાત હાઈકોર્ટમાં ગુહાર લગાવી હતી. સાત મહિનાનો ગર્ભ ધરાવતી પત્ની તેની નાનપણની બહેનપણી સાથે જતી રહી હોવાના ગંભીર આક્ષેપ કરતી હેબિયર્સ કોર્પસ અરજી એક પતિ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેમાં જસ્ટિસ એ.વાય.કોગજે અને જસ્ટિસ સમીર જે.દવેની ખંડપીઠે રાજય સરકાર, શહેર પોલીસ કમિશનર, ચાંદખેડા પીઆઈ, લાપતા પત્નીની બહેનપણી સહિતના પક્ષકારોને નોટિસ જારી કરી હતી. જોકે, પરિણીતાએ પતિ પાસે પાછા ન જવાનો નિર્ણય લીધા પછી ''લેસ્બિયન'' મિત્ર પાસેથી સગર્ભા પત્નીની કસ્ટડી માંગતી પતિની અરજીને ફગાવી દેવામાં આવી છે.ગુજરાત હાઈકોર્ટમાં એક પતિએ પત્નીની ''લેસ્બિયન'' મિત્ર પાસેથી કસ્ટડી માંગતી અરજી કરી હતી. પરંતુ પત્નીએ મહિલા મિત્ર સાથે જ રહેવાનો અને પતિ પાસે પાછા ન જવાનો નિર્ણય લીધા પછી ગુજરાત હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી છે. ચાંદખેડાના રહેવાસીએ ગયા અઠવાડિયે દાખલ કરેલી હેબિયસ કોર્પસ અરજીના જવાબમાં, શહેર પોલીસે સોમવારે આ વ્યક્તિની પત્નીને કોર્ટમાં રજૂ કરી હતી. ન્યાયાધીશો દ્વારા પૂછપરછ પર, મહિલાએ તેના પતિ પાસે પાછા ફરવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે, તે તેની મિત્ર સાથે રહેવા માંગે છે.હાઈકોર્ટે આદેશમાં, જસ્ટિસ આઈ.જે વોરા અને જસ્ટિસ એસવી પિંટોની બેન્ચે કહ્યું, ''અમે કોર્પસની ઈચ્છા જાણી લીધી છે અને તેના નિવેદન મુજબ, તેણીએ આરોપ લગાવ્યો છે કે, અરજદાર દ્વારા મહિલાને માનસિક અને શારીરિક બંને રીતે ઉત્પીડન કરવામાં આવી રહ્યું છે. તેથી જ તેણે સ્વેચ્છાથી ઘર છોડી દીધું હતું અને પ્રતિવાદી નંબર ૪ (સ્ત્રી મિત્ર) સાથે રહેવાનું નક્કી કર્યું હતું. પ્રતિવાદી નંબર ૪ દ્વારા કોઈ ગેરકાયદેસર કેદ નથી. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, ''કોર્પસ દ્વારા કરવામાં આવેલા નિવેદનને ધ્યાનમાં રાખીને, આ કોર્ટનું માનવું છે કે, કોર્પસની કોઈ ગેરકાયદેસર કેદ નથી અને તેથી, કોર્પસને તેની ઈચ્છા મુજબ તરત જ મુક્ત કરવામાં આવે છે.''અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતા પતિએ પત્ની અને તેની બહેનપણી પર લેસ્બિયનરૂ હોમોસેકસ્યુઅલના ગંભીર અને વિચિત્ર આક્ષેપો લગાવી હાઈકોર્ટ સમક્ષ હેબિયર્સ કોર્પસ અરજી દાખલ કરી હતી. જેમા જણાવ્યું હતું કે, અરજદારના લગ્ન તેની પત્ની સાથે તા. ૯ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ થયા હતા. તેઓ સુખેથી પોતાનું લગ્નજીવન જીવી રહ્યા હતા અને તેની પત્નીને સાત મહિનાની પ્રેગનન્સી પણ રહી છે. જે થોડા સમયથી ગુમ થઈ ગઈ હતી. જેથી વ્યક્તિએ અરજીમાં જણાવ્યા પ્રમાણે, તેની પત્નીના ગુમ થવા અંગેની તેની ફરિયાદો ચાંદખેડા પોલીસ રજિસ્ટરમાં દાખલ કરાવી હતી. જ્યારે તેણે તેની પત્નીને શોધવા માટે પોલીસ પર દબાણ કર્યું.

## એસ.ટી. બસોમાં મુસાફરોને બસની ટિકિટ માટે છુટા રૂપિયામાંથી મુક્તિ!

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।

ગુજરાતમાં અંતરિયાળ તેમજ શહેરી વિસ્તારમાં સમયબદ્ધ અને સલામત મુસાફરી માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની હજારો બસો કાર્યરત છે.વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે 'ડિજિટલ ગુજરાત'ના મંત્રને વેગ આપવા રાજ્યમાં અંદાજિત ૮૫૦૦થી વધુ બસ ઓપરેટ કરતું નિગમ હવે કેશલેશ સેવા તરફ આગળ વધી રહ્યું છે.નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગત વર્ષે તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીંગ મશીનનું રાજ્યવ્યાપી લોકાર્પણ કર્યું હતું. પ્રથમ તબક્કે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧૮૫૦થી વધુ બસોમાં ૩૦૦૦થી વધુ 'એન્ડ્રોઈડ ટિકિટ મશીન' / 'સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીગ મશીન' ફાળવવામાં આવ્યા છે. 'ડિજિટલ ગુજરાત' થકી ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ આપી ગુજરાત એસ.ટીમાં સરેરાશ ૧૫ હજાર જેટલા મુસાફરો ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને દૈનિક રૂ. ૧૩ લાખની આવક કરાવી રહ્યા છે.

## ઝઘડિયાની દુષ્કર્મ પીડિતા બાળકીની ઝારખંડમાં અંતિમવિધિ થશે

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૬ ।

ભરૂચના ઝઘડિયામાં ૧૬મી ડિસેમ્બરે ૧૦ વર્ષની બાળકી સાથે થયેલા બર્બરતાપૂર્ણ દુષ્કર્મ બાદ ૮ દિવસની સારવારને અંતે બાળકીનું મોત થયુ છે. દુષ્કર્મ કરનાર દાનવે બાળકીને એટલી હદે પીંખી નાખી હતી કે તે ૮ દિવસ સુધી જિંદગી અને મોત સામે ઝઝુમતી રહી. નરાધમ રાક્ષસે બાળકી સાથે પાશવીપણાની તમામ હદો પાર કરી નાખી હતી. તેના પ્રાઈવેટ પાર્ટમાં મેટલનો સળિયો ઘુસાડી દેતા તેના આંતરડા ફાંટી ગયા હતા. પેટમાં ઈન્ફેક્શન થઈ ગયુ હતુ. જે બે સર્જરી બાદ પણ તબીબો દૂર કરી શક્યા ન હતા અને આખરે બાળકી મોત સામે હાર ગઈ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના ભરૂચના ઝઘડિયામાં ૧૦ વર્ષીય બાળકી પર થયેલા દુષ્કર્મે દિલ્હીના નિર્ભયાકાંડની યાદ અપાવી હતી. આ બાળકીનું આજે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ૧૮૦ કલાક બાદ મોત થઈ ગયું છે.

## દહેગામમાં ૨ જૂથ વચ્ચે સામાન્ય બાબતે જૂથ અથડામણ, ૬ લોકો ઈજાગ્રસ્ત

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૬ ।

રાજ્યમાં અવાનવાર જૂથ અથડામણની ઘટના બનતી હોય છે. ત્યારે ગાંધીનગરના દહેગામ શહેરમાં પથ્થરમારાની ઘટના સામે આવી છે. ત્યારે ૨ જૂથ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી બાદ વાત વણસી હતી. ઉગમણા ઠાકોર વાસ પાસેની હોળી ચકલા વિસ્તારમાં ઘટના બની છે.પથ્થરમારામાં ૬ જેટલા વ્યક્તિઓને સામાન્ય ઈજા થયા હતા. પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા. હાલ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.બીજી તરફ આ અગાઉ અરવલ્લીના મેઘરજમાં ૨ જૂથ વચ્ચે સામ સામે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જૂથ અથડામણમાં ટોળાએ ૧ કારના કાચ તોડ્યા હતા. જ્યારે સામ સામે પથ્થરમારામાં એક હોમગાર્ડ સહિત ૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ધાર્મિક સ્થાન પાસે એકાએક પથ્થરમારો થતા આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતા જ તાત્કાલિક આસપાસના વિસ્તારમાં આવેલા પોલીસ મથકની ટીમોને પણ મેઘરજમાં બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યો હતો. રાજ્યમાં અવાનવાર જૂથ અથડામણની ઘટના બનતી હોય છે.

### ૨૭ અને ૨૮ ડિસેમ્બરે રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી

# રાજ્યમાં કાતિલ ઠંડી વચ્ચે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી । ત્રીજા દિવસે વાદળછાયુ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૬ ।

રાજ્યના હવામાન વિભાગ દ્વારા વાતાવરણમાં પલટાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે કડકડતી ઠંડી વચ્ચે રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં ભર શિયાળે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૭ અને ૨૮ ડિસેમ્બરે રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં હળવાથી માધ્યમ વરસાદની આગાહી કરાઈ છે.

સૌરાષ્ટ્રના મોરબી,જામનગર,દ્વારકા અને પોરબંદરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને પાટણમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, દમણ, નવસારી, તાપી અને વલસાડમાં હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. અરબી સમુદ્રમાંથી આવતા ભેજ અને ટ્રફના કારણે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી પાંચ દિવસ ઠંડીની આગાહી પણ કરાઈ છે. ત્રણ દિવસ બાદ તાપમાન ૧-૨ ડિગ્રી ઊંચકાશે.

રાજ્યમાં કાતિલ ઠંડી પડી રહી છે. પહાડી વિસ્તારમાં બરફવર્ષાના કારણે ગુજરાતમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. ઉત્તર ભારતમાં ઠંડા પવનની અસરને કારણે સમગ્ર ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. કચ્છમાં પણ જોરદાર ઠંડી પડી રહી છે. અહીં નલિયામાં કોલ્ડવેવની સ્થિતિ સર્જાઈ છે. નલિયા સિઝનમાં પ્રથમ વખત ૫.૭ ડિગ્રીએ તાપમાનનો પારો પહોંચી ગયો હતો. આ ઉપરાંત રાજ્યના વિવિધ શહેરમાં કાતિલ ઠંડી પડી રહી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ ગુજરાતમાં આગામી દિવસોમાં હવામાનમાં મોટા ફેરફારોની આગાહી કરી છે. તેમના મતે રાજ્યમાં હાલમાં અનુભવાતી ઠંડી હજુ પણ વધશે અને તાપમાનમાં ઘટાડો થશે. જોકે, આ સાથે જ માવઠાની પણ શક્યતા છે. ૨૭ અને ૨૮ ડિસેમ્બરે રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.




શીખ સંપ્રદાયના ગુરુ ગોવિંદસિંહજી ના બે નાના પુત્રોએ રાષ્ટ્ર અને ધર્મ રક્ષા માટે આપેલા બલિદાનની સ્મૃતિમાં

# મુખ્યમંત્રી વીર બાલ દિવસ નિમિત્તે અમદાવાદના થલતેજ ગુરુદ્વારામાં આયોજિત કાર્યક્રમમાં સહભાગી

## દેશના સ્વાભિમાન અને સ્વધર્મ રક્ષા માટે પરંપરાનું મહત્વનું યોગદાન ત્યાગ તપસ્યા અને બલિદાનથી ભરેલું છે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૬ ।





શીખ સંપ્રદાયના ગુરુ ગોવિંદસિંહજી ના બે નાના પુત્રોએ રાષ્ટ્ર અને ધર્મ રક્ષા માટે આપેલા બલિદાનની સ્મૃતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ૨૦૨૨ થી તા. ૨૬ ડિસેમ્બરને દેશભરમાં વીર બાલ દિવસ તરીકે ઉજવાવામાં આવે છે.મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, દેશના સ્વાભિમાન અને સ્વધર્મ રક્ષા માટે પરંપરાનું મહત્વનું યોગદાન ત્યાગ તપસ્યા અને બલિદાનથી ભરેલું છે. તેમણે ઉમેર્યું કે, વીર બાલ દિવસ દેશના યુવાનો અને બાળકોમાં રાષ્ટ્ર પ્રથમનો ભાવ પ્રેરિત કરનારો મહત્વપૂર્ણ દિવસ છે.વીર બાલ દિવસ એ સંસ્કૃતિ અને માતૃભૂમિના રક્ષણ તથા સ્વાભિમાન ખાતર ધર્મ પરિવર્તન સામે ઝુકવાના બદલે પોતાના પ્રાણની આહુતિ આપવાની આપણી શૌર્યગાથાનું પ્રતીક છે એમ પણ તેમણે જણાવ્યું હતું.મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં દશકોથી ચાલતી આવતી પરંપરાને ભારતીય સભ્યતા સાથે સુસંગત રીતે જોડી છે. દેશના બાળકોની વિશેષ ઉપલબ્ધિઓ, સાહસ અને સૌર્યને બિરદાવવા દર વર્ષે ૨૬મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય બાળ પુરસ્કાર આપવામાં આવે છે.

પરંતુ વડાપ્રધાનશ્રીએ આ વર્ષથી વીર બાલ દિવસે આ પુરસ્કાર આપવાની નવી પ્રથા શરૂ કરી છે.મુખ્યમંત્રી ગુરુદ્વારામાં યોજાયેલા શબદ કીર્તનમાં જોડાયા હતા અને ભક્તિભાવ પૂર્વક ગુરુ ગ્રંથ શાહેબના દર્શન પૂજન તેમણે કર્યા હતા. એટલું જ નહીં, થલતેજ ગુરુદ્વારામાં કરવામાં આવતી લંગર સેવામાં જોડાઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભોજન પ્રસાદ પણ પીરસ્યો હતો.

આ પ્રસંગે શહેરના મેયર પ્રતિભાબહેન જૈન, સાંસદ દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યો અમિતભાઈ શાહ, જીતુભાઈ પ ટેલ, અમુલભાઇ ભટ્ટ, શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, સ્ટે. ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી તથા પ્રદેશ અને શહેર સંગઠનના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં શીખ સમુદાયના ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. શીખ સંપ્રદાયના ગુરુ ગોવિંદસિંહજી ના બે નાના પુત્રોએ રાષ્ટ્ર અને ધર્મ રક્ષા માટે આપેલા બલિદાનની સ્મૃતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ૨૦૨૨ થી તા. ૨૬ ડિસેમ્બરને દેશભરમાં વીર બાલ દિવસ તરીકે ઉજવાવામાં આવે છે.

ચાર જેટલા વ્યક્તિઓએ માલ ખરીધા બાદ છેલ્લા લાંબા સમયથી રૂપિયા નહીં આપતા

# સુરતમાં વેપારી પાસેથી માલ લીધા બાદ તેને રૂપિયા ન આપ્યા । કંટાળીને મોતને વ્હાલું કર્યું

। સુરત, તા.૨૬ ।

શહેરના ટેક્સટાઈલ ઉદ્યોગમાં એક કાપડ વેપારી પાસેથી ચાર જેટલા વ્યક્તિઓએ માલ ખરીદ્યા બાદ છેલ્લા લાંબા સમયથી રૂપિયા નહીં આપી જે રૂપિયા લેવાના હતા તેના બીલો પર રૂપિયા અપાઈ ગયા છે એવું સેટલમેન્ટ લખી આપવા માટે દબાણ કરતા હતા. જેને લઈને વેપારી દ્વારા ૨૩ તારીખે ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેવામાં આવ્યો હતો. આ ઘટનામાં પોલીસે તપાસ કરતા વેપારી આપઘાત પહેલા એક સુસાઇડ નોટ લખી હતી જે પોલીસના હાથે લાગી હતી. જેને લઈને પોલીસે આ ઘટનામાં ચાર જેટલા વેપારી વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી ચારમાંથી બે વેપારીઓની ધરપકડ કરી છે.ટેક્સટાઇલ સીટી તરીકે ઓળખાતા સુરતમાં કાપડનો સૌથી મોટો વેપાર ચાલી આવી રહ્યો છે. આ વેપારમાં કેટલાક તત્વો માલ ખરીદ્યા બાદ રૂપિયા નહીં આપી છેતરપિંડી કરતા હોય છે અને આવી ફરિયાદો સુરત પોલીસ ચોપડે દરરોજ નોંધાતી હોય છે. ત્યારે સલાબતપુરા વિસ્તારમાં દુકાન ધરાવતા કમલ અગ્રવાલ નામના વેપારીએ તારીખ ૨૩ ડિસેમ્બરના રોજ પોતાના ઘરે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.આ ઘટનાની જાણ થતાં સલાબતપુરા પોલીસ વેપારીના ઘરે પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી. ત્યારે વેપારીના ઘરમાંથી સુસાઇડ નોટ પોલીસના હાથે લાગી હતી જેમાં આદિલ સૈયદ, રાહુલ, વિક્રમ અને તુષાર ગોયલ નામના ચાર વેપારીઓને તેઓ દ્વારા ૭૦ થી ૮૦ લાખ રૂપિયાનો માલ આપવામાં આવ્યો હતો અને આ માલના પૈસા લાંબા સમયથી નહીં આપી તેમની સાથે ગલ્લાતલ્લા કરતા હતા.જોકે આ વેપારીઓ પૈસા તો નહીં આપ્યા પણ જે માલના બિલ આપ્યા હતા તેમાં પૈસા આપી દીધા છે તેવું લખાણ કરી આપવા માટે સતત દબાણ કરતા હતા જેને લઈને આ વેપારીને ડરાવવા ધમકાવવામાં આવતો હતો. આ કારણસર વેપારીએ આપઘાત કરી લીધો હોવાનું સુસાઇડ નોટમાં સામે આવ્યું હતું. જેથી પોલીસે આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી તાત્કાલિક આ ચાર વેપારી વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી આ ગુનામાં આદિલ સૈયદ અને રાહુલ નામના વ્યક્તિની ધરપકડ કરી લીધી છે.ઉલ્લેખનીય છે કે પકડાયેલ આરોપી આદિલ સૈયદ પાસેથી મરનાર કમલ અગ્રવાલએ ૧૨ લાખ રૂપિયા લેવાના હતા જ્યારે રાહુલ આદિલ સૈયદને ત્યાં કામ કરતો હતો.

# જામનગરના જશાપરમાં હિન્દુ સેનાએ ક્રિશ્ચિયન મિશનરીનો કાર્યક્રમ બંધ કરાવ્યો

। માહિતી બ્યુરો, જામનગર,તા.૨૬ ।

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના જશાપર ગામમાં બુધવારે નાતાલની ઉજવણીના બહાને ક્રિશ્ચિયન મિશનરીઓ દ્વારા મોટા પાયે ધર્માંતરણની શંકાસ્પદ પ્રવૃત્તિ ચાલી રહી હોવાની ચિંતાજનક માહિતી મળતાં હિન્દુ સેના દ્વારા તાત્કાલિક દોડી જઈ કાર્યક્રમને રોકાવી દઈ આવી પ્રવૃત્તિ બંધ કરવા માટેની કાર્યવાહી કરવામાં આવી હતી. મિશનરીઓ દ્વારા સ્થાનિક મજૂરો અને નાના કામના લોકોને એકત્રિત કરી મોટી પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, અને આ પાર્ટી દ્વારા ધર્માંતરણની શંકાસ્પદ પ્રવૃત્તિ ચાલી રહી હોય તેવી આશંકા વ્યક્ત કરાઈ હતી. આ બાબતે ગુજરાત હિન્દુ સેનાના પ્રમુખ પ્રતીક ભટ્ટને જાણ કરવામાં આવતાં તેમણે તાત્કાલિક ધ્રોલ હિન્દુ સેનાના પ્રમુખ ગૌરવભાઈ મહેતાને સ્થળ પર પહોંચી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ગૌરવભાઈ મહેતા અને તેમની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આ કાર્યક્રમ બંધ કરાવ્યો હતો, અને ધર્માંતરણની શંકાસ્પદ પ્રવૃત્તિ અટકાવી હતી. હિન્દુ સેનાના આ કાર્યને લઈને મિશનરીઓ અને હિન્દુ સેના વચ્ચે થોડો સમય માટે તણાવનું વાતાવરણ સર્જાયું હતું. આ ઘટનાને પગલે ધ્રોલ તેમજ જોડિયા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી, અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. કેટલાક વ્યક્તિઓના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું હતું.






## તંત્રી લેખ..

# કોરાના સાઇડ ઇફેક્ટ

કોરોના વાયરસની સ્થિતી પહેલા કરતા હવે સતત સુધરી રહી છે. અલબત્ત હજુ પણ હજારો કેસ સપાટી પર આવી રહ્યા છે પરંતુ હવે પહેલા જેવા નિયંત્રણો રહ્યા નથી જેથી તકલીફ વધારે મોટી નથી. તમામ આર્થિક ગતિવિધી હવે શરૂથઇ ચુકી છે. લોકડાઉન જેવા નિયંત્રણો રહ્યા નથી. પરંતુ કોરોનાના કારણે તમામ લોકો પર અસર થઇ છે. કેટલાક પર માનસિક અસર વધારે થઇ છે. વિશ્વમાં આ તકલીફ આવી છે.કોરોનાના અઢી વર્ષ બાદ પણ નવા નવા હજારો કેસ દરરોજ ફરી સપાટી પર આવી રહ્યા છે. જેની સીધી અસર આર્થિક સ્થિતી પર થઇ રહી છે. સાથે સાથે માનસિક બિમારીની પણ તકલીફ હાલમાં વધી રહી છે. કોવિડ-૧૯ની સામે ચાલી રહેલી વિશ્વવ્યાપી લડાઇને ધ્યાનમાં લઇને ભારતમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. કોરોના સાઇડ ઇફેક્ટ હજુ પણ જોવા મળી રહી છે. સાઇડ ઇફેક્ટ તરીકે માનસિક બિમારી પણ છે. માનસિક બિમારીના કેસોની સંખ્યામાં હાલમાં વધારો થયો છે. ઇન્ડિયન સાયક્યાટ્રી સોસાયટીના એક સર્વેમાં એવી માહિતી ખુલીને સપાટી પર આવી છે કે માનસિક રોગોના શિકાર થયેલા લોકોની સંખ્યામાં એકાએક ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. કોરોના વાયરસની મહામારીના કારણે દરરોજના જીવનમાં આવેલા ફેરફારોનો સામનો કરવામાં લોકોને કેટલી મુશ્કેલી પડી રહી છે. આ અભ્યાસની વાતને એક વખત બાજુમાં મુકી દેવામાં આવે તો પણ સમજી શકાય છે કે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે કોરોનાની માનસિક સ્થિતી પર અસર થઇ રહી છે. જે બાબતો હજુ સુધી કોઇ મુદ્દા તરીકે ન હતી તે બાબતો હવે મુદ્દા તરીકે છે. નાના નાના મુદ્દા પર પરિવારના સભ્યો એકબીજા સામે આવી રહ્યા છે. કેટલાક લોકો પોતાને અલગ સમજી રહ્યા છે. કોરોના મહામારીના કારણે સર્જાયેલી આર્થિક પરેશાની, ખાવા પિવાની ચીજવસ્તુઓને લઇને આવી રહેલી તકલીફો પણ કેટલીક પરેશાની સર્જે છે. નોકરી જતા રહેવાની ચિંતા પણ સતાવી રહી છે. એકલાપણાના કારણે પણ કેટલીક નવી સમસ્યા સર્જાઇ રહી છે. કેટલાક વર્ષોથી એમ કહેવામાં આવી રહ્યુ હતુ કે સોશિયલ મિડિયાના આ દોરમાં સતત ડિજિટલ સંપર્કના કારણે લોકો એકલા થતા જાય છે. અમારી વર્ચ્યુઅલ દુનિયા અમને ઘર પરિવાર અને પાસ પડોશથી દુર કરી રહી છે. એક હદ સુધી આ વાત યોગ્ય પણ છે. માનસિક રોગની સંખ્યા વધી રહી છે. મોબાઇલ ફોન અને ઇન્ટરનેટની દુનિયા આજે પણ ઉપલબ્ધ છે પરંતુ કોઇ ખાસ અંગત રાહત થઇ રહી નથી. કોરોનાના કારણે અમે વ્યહારિક દ્રષ્ટિથી જ નહીં બલ્કે મનૌવૈજ્ઞાનિક રીતે પણ વાસ્તવિક દુનિયાના મહત્વને સમજાવી દેવામાં ભૂમિકા અદા કરી છે. એકલાપણુ અમારા માટે કોઇ નવી ચીજ નથી. એકલા પુસ્તક વાંચવાના બદલે તેને વાંચીને સંભળાવવામાં આવે તે જરૂરી છે. સંયુક્ત સુત્ર તો એ છે કે અલગતાવાદની સારવાર માનવી જ શોધી શકે છે. હાલમાં દેશ સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં સૌથી જટિલ સમસ્યા અને પડકારનો સામનો કરી રહ્યુ છે. આ લડાઇ લાંબી ચાલનાર છે. તે બાબત પણ નક્કી દેખાઇ રહી છે.

# અન્ટાર્કટિકાથી જળ પ્રલય આવી શકે

અન્ટાર્કટિકાથી હવે જળપ્રલય આવવામાં વધારે સમય ગાળો રહ્યો નથી. વિશ્વભરના વૈજ્ઞાનિકો જુદા જુદા ક્ષેત્રમાં અભ્યાસ કરવામાં લાગેલા છે પરંતુ આ જળપ્રલયને રોકવામાં તેમને સફળતા મળે તેમ માનવા માટે કોઇ કારણ નથી. કારણ કે જે ગતિથી સ્થિતી બદલાઇ રહી છે તે ખતરનાક સ્થિતી તરફ સંકેત આપે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અન્ટાર્કટિકાના વિશાળ થ્વેટ્સ ગ્લેશિયર હવે એ વિસ્ફોટક સ્તર પહોંચવાની તૈયારીમાં છે જેના બાદ દરિયાઇ સપાટી ૨૦ ઇંચ સુધી વધી જવાથી કોઇ રોકી શકે તેમ નથી. જો આવુ થશે તો દુનિયાભરના દેશોના દરિયાઇ કાઠા પર આવેલા વિસ્તારના ભુગોળ હમેંશા માટે બદલાઇ જશે. એક ચિંતાજનક અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે હવે આવી સ્થિતી સર્જાવવામાં વધારે સમય રહ્યો નથી. આ સમય માત્ર ૧૫૦ વર્ષ પછી આવી શકે છે. સમગ્ર ગ્લેશિયર એવી અસ્થિરતા તરફ વધે છે જેથી ચિંતા થાય તે સ્વાભાવિક છે. ગ્લોબલ વોર્મિંગના પૂર્વના સ્તરથી હાલમાં દરિયાઇ સપાટી આઠ ઇંચ ઉપર છે. સાથે સાથે દુનિયાભરમાં દરિયા કાઠાના વિસ્તારોમાં પુર આવવા માટે આને જ મોટા ભાગે જવાબદાર ગણવામાં આવે છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે કિનારાના વિસ્તારોમાં હિમના વિસ્તારો સંકુચિત થઇ રહ્યા છે. હિમમાં તિરાડો પડી રહી છે. દરિયાની સપાટી પર નવા હિમખંડોનુ નિર્માણ થઇ રહ્યુ છે. અસ્થિરતાની જો શરૂઆત થઇ જશે તો રોકવા માટેની બાબત ખુબ મુશ્કેલરૂપ બની જશે. અભ્યાસમાં ભાગ લેનાર ડોક્ટર એલેક્સ રોબેલ જે જ્યોર્જિયા ઇન્સ્ટીટ્યુટમાં વિજ્ઞાન પ્રોફેસર છે તેમના કહેવા મુજબ જો તમે આ ગ્લેશિયરની અસ્થિરતા માટે કારણ બનો છો તો પછી આપને આવુ કરવા માટે તાપમાનને વધારે વધારી દેવાની કોઇ જરૂર પડશે નહીં. ત્યારબાદ ગ્લેશિયર તો જાતે જ ઓગળવાની પ્રક્રિયામાં રહેશે. આ જ કારણ ચિંતાનુ પણ છે. દુનિયાના દેશો હાલમાં આ પ્રક્રિયાને રોકવા માટે વિવિધ પગલા લેવા પર કામ કરી રહ્યા છે. જળ પ્રલયની સ્થિતી સર્જાઇ શકે છે તેવી ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ દુનિયાના દરિયા કાઠાના વિસ્તારોમાં રહેતા લોકોની તકલીફમાં વધારો થઇ શકે છે. જો કે આને રોકવા માટે પહેલ અને પ્રયોગો સફળ રહેશે કે કેમ તે અંગે હાલમાં વાત કરવી સરળ નથી. ગ્લોબલ વોર્મિંગના કારણે દુનિયાના દેશો હાલમાં પરેશાન થયેલા છે. આના કારણે કુદરતી હોનારતોનો દોર ચાલી રહ્યો છે.દુનિયાના દેશોમાં કોઇને કોઇ જગ્યાએ પુર અને વધારે વરસાદની સ્થિતી સર્જાઇ રહી છે. કેટલીક જગ્યાએ દુકાળની સ્થિતી સર્જાઇ રહી છે. વાવાઝોડાના કારણે દુનિયાના દેશોમાં ભારે નુકસાન થઇ રહ્યુ છે. અમેરિકા અને યુરોપના દેશો પણ ગ્લોબલ વોર્મિંગથી ગ્રસ્ત થઇ રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગની સામે અમેરિકા અને ભારત સહિતના દુનિયાના દેશો બેઠકો કરી રહ્યા છે. આની અસરને ઘટાડી દેવા માટે શુ કરવામાં આવે તે દિશામાં પહેલાથી જ રૂપરેખા તૈયાર કરવામાં આવી ચુકી છે. દુનિયાના દેશો આ તમામ ધારાધોરણને પાળી પણ રહ્યા છે. જો કે આને લઇને ઉદાસીનતા હજુ પણ રહેલી છે. અન્ટાર્કટિકાથી જળપ્રલયની સ્થિતી સર્જાઇ શકે છે તેવા દાવા અભ્યાસમાં કરવામાં આવ્યા બાદ આ દિશામાં વધારે અભ્યાસની કામગીરીમાં વૈજ્ઞાનિકો લાગી ગયા છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

**સામાન્ય એક્સ રેમાં જેના પુરાવા ન મળતાં હોય તેવા હાડકાંના ચેપની તપાસ માટે હોય છે**

**૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન એ પેટ સીટી સ્કેનર પર સ્કેલેટલ સાઇન્ટીગ્રાફી કરવાની એક કળા છે આ સામાન્ય રીતે વપરાતા ન્યૂકલીયર એમ.ડી.પી.બોન ટેસ્ટ કરતાં ખૂબ જ સંવેદનશીલ અને ચઢિયાતો ટેસ્ટ છે**

# કેન્સર નિદાન માટેનો ટેસ્ટ ટેસ્ટ ૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન

**સદભાગ્યે મોટાભાગના કેન્સરમાં બાયોપ્સીના પ્રારંભિક રિપોર્ટ પછી પણ ૩-૪ સપ્તાહ રાહ આરામથી જોઈ શકાય છે. આનો અર્થ એવો નથી કે નિદાન થયા પછી ૩-૪ સપ્તાહ સુધી કંઈ કરવું નહીં**

(ભાગ : ૫)

કેન્સર નિદાન માટેનો સંવેદનશીલ અને ચઢિયાતો ટેસ્ટ ૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન શું છે?

૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન એ પેટ સીટી સ્કેનર પર સ્કેલેટલ સાઇન્ટીગ્રાફી કરવાની એક કળા છે. આ સામાન્ય રીતે વપરાતા ન્યૂકલીયર એમ.ડી.પી.બોન ટેસ્ટ કરતાં ખૂબ જ સંવેદનશીલ અને ચઢિયાતો ટેસ્ટ છે. જે આ બિમારીની નીચે દશાવેલી સ્થિતિઓમાં વાપરી શકાય છે.જેવી કેજેને કેન્સર થયેલું હોવાનું જાણમાં છે તેવા દર્દીઓના સ્કેલેટલ મેટાસ્ટાસીસ (હાડકાં સુધી કેન્સરનું ફેલાવું) માટે., સામાન્ય રીતે વપરાતા એક્સ-રે માં ન દેખાતા ફ્રેકચરની તપાસ માટે., સામાન્ય એક્સ રેમાં જેના પુરાવા ન મળતાં હોય તેવા હાડકાંના ચેપની તપાસ માટે હોય છે. અન્ય હાડકાંને લગતી તકલીફો જેવી કે-રમતાં -રમતાં ઈજા પહોંચવી,મેટાબોલીક હાડકાંની બિમારીઓ, પેજેટ બિમારીઓ વગેરે.

**તે પરંપરાગત હાડકાંના સ્કેન કરતાં કઇ રીતે જુદું પડે છે ?**

સ્કેલેટલ લેઝીઅન્સની તપાસ માટે પરંપરાગત એમ.ડી.પી. બોન ટેસ્ટ કરતાં ૧૮ એફ. સોડિયમ ફ્લોરાઇડ બોન સ્કેન વધારે સારો છે. એના સાહિત્યના પૂરતાં પુરાવાઓ છે.

૧૮ એફ. બોન સ્કેન સાથે વધારાની સીટી સ્કેનની આંકડાકીય માહિતી પ્રાપ્ય છે જે એનાટોમીકલ માહિતી (શરીર રચના શાસ્ત્ર સંબંધિત માહિતી) પૂરી પાડે છે અને તે ચોકક્સ નિદાન કરવામાં સહાયક નીવડે છે. આનાથી દર્દીને ચોકસાઇભર્યા સારાવારના આયોજન મુજબ સારવાર પુરી પાડવામાં મદદ મળે છે.

આ ૧૮ એફ.ના નાના અને ખૂબ સલામત આઇ.વી. ઇંજેકશનની મદદથી સાદી તપાસ કરવામાં આવે છે અને આ ઇંજેકશનના અડધા કલાક પછી સ્કેન કરવામાં આવે છે.



આ હાડકાંના સ્કેન માટે કોઇ પૂર્વતૈયારીની જરૂર હોતી નથી. આ સ્કેન પહેલાં અને પછી તમે ખાવા-પીવાનું ચાલુ રાખી શકો છો.જો તમારી કોઇ દવા ચાલતી હોય તો તે લેવાનું પણ તમે ચાલુ રાખી શકો છો.તેમ છતાં આ સ્કેન માટે અગાઉથી એપોઇન્ટમેન્ટ લેવી ફરજિયાત છે.

સગર્ભા મહિલાઓના આ સ્કેન કરવામાં આવતો નથી. સિવાય કે તેમને સારવાર આપતા સલાહકાર ડોકટરે તેમને તેમ કરાવવાનું સૂચવ્યું હોય.આ ટેસ્ટ કરાવતાં પહેલાં મહેરબાની કરીને આને લગતી તમામ વયકિતઓને આ બાબતની જાણ કરો.

ધાત્રી માતાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઈંજેકશન લીધા બાદ આખો દિવસ તેમના બાળકને સ્તનપાન ન કરાવે પરંતુ તેની જગ્યાએ બાળકને અનય કોઈ આહાર આપે. આ પ્રક્રિયા માટે દર્દીને સુવિધાજનક પોષાક આપવો જોઈએ.

**ગોલીયમ ડોટા પેપ્ટાઇડ પેટ/સીટી સ્કેન**

૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડ પેટ/સીટી સ્કેન એ ન્યૂરો એન્ડોકાઇન ટયૂમરનું અંતિમ નિદાન અને સારવાર છે.

**ન્યૂરો એન્ડોક્રાઇન ટયૂમર એટલે શું ?**

આ એવી ગાંઠો છે જે ખાસ કરીને જીઆઇટી, સ્વાદુપિંડ અને ફેફસાં વગેરે જેવાં અંગો પર અસર કરે છે.જીઆઇટી અને ફેફસાંની કેન્સરજનક ગાંઠો, સ્વાદુપિંડની ઇન્સ્યુલીમનોમાઝ વગેરે જેવાં કેટલાંક નામો આવી ગાંઠોના છે.આમાંના કેટલાંક દર્દીઓમાં અનિયૈંત્રત ઝાડ, ફ્લશીઝ વગેરે જેવા લક્ષણો જોવા મળે છે. જેને કલીનીકલી કેન્સરજનક લાક્ષણિકતાઓ તરીકે વગીકૃત કરવામાં આવે છે.

**૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડ પેટ સ્કેન એટલે શું ?**

૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડ એ ઓછા સમયની- અડધા કલાકની સ્થિતિ છે જેમાં પેપ્ટાઇડ સાથે જોડાઇને તેમાંથી રેડિયોન્યૂકલાઇડ ઝરે છે. જે કેટલાંક પ્રકારની ગાંઠો જેવી કે ન્યૂરો એન્ડોક્રાઇન ગાંઠોના કોષને આ લેવા માટે બાંધે છે. તે આવી ગાંઠોના નિદાન માટે , તેની સારવારનો વિકલ્પ નકકૈં કરતાં પહેલાંનો તેનો તબકકો જોવા માટે અને સારવાર આપ્યા બાદની પ્રતિક્રિયા અથવા ફરીથી તે થાય છે કે નહીં? તે જોવા માટે વાપરવામાં આવે છે.

પેટ/સીટી સ્કેન કે જે ૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડના ઈંજેકશન બાદ કરવામાં આવે છે તેને ૬૮ જીએ ડોટા પેપ્ટાઇડ પેટ/સીટી સ્કેન કહેવામાં આવે છે.

તે સીટી સ્કેન અને એમ.આર.આઇ સાથે તેની તુલના કરી શકાય અથવા તે તેનાથી કઇ રીતે જુદું પડે છે ?

આ ફંકશનલ/મેટાબોલીક સ્કેન છે. જેની સામાન્ય પરંપરાગત સીટી અને એમ.આર. આઇ. કરતાં નેટમાં સાબિત કરાયેલી ઉચ્ચ સંવેદનશીલતા અને ચોકકસતા છે. આની મદદથી દર્દીઓને સારવારનો વિકલ્પ નકકૈં કરી શકાય છે અને સારવારની પ્રતિક્રિયાઓ પણ જાણી શકાય છે.

**આ ટેસ્ટ કરાવતાં પહેલાં કેવી સાવચેતીઓ રાખવી જોઇએ?**

જે દદીએ નિદાનાત્મક સીટી કરાવેલું હોય તે તેમણે કોઇ પૂર્વતૈયારી કરવાની રહેતી નથી પરંતુ જો દર્દીને ૬૮ ગોલીયમ પેટ સો સીઇસીટી આપવાની જરૂર હોય તો તેણે ૨ કલાક ભૂખ્યા રહેવું ફરજિયાત છે.

**આની આડઅસરો શી હોય છે ?**

૬૮ ગોલીયમ ડોટા પેપ્ટાઇડ સંપૂર્ણપણે સલામત છે. આથી તેની કોઇ આડ અસરો હોતી નથી. મુખ્યત્વે એકવાર કેન્સરનું નિદાન થાય અથવા કેન્સરની શક્યતા જણાય, તે પછીનું અગત્યનું કદમ છે દર્દી અને ગાંઠ સંબંધી તમામ પાસાઓનું મૂલ્યાંકન કરવું. કોઈપણ મોટા કામની શરૂઆત કરતાં પહેલા ચોક્ક્સાઈ પૂર્વકનું આયોજન ખૂબ જરૂરી છે અને આ વાત કેન્સરની સારવારમાં પણ લાગુ પડે છે. આ આયોજન પાછળ પૂરતો સમય, શક્તિ અને ખર્ચ આપવા એ અગત્યનું છે.

સદભાગ્યે મોટાભાગના કેન્સરમાં બાયોપ્સીના પ્રારંભિક રિપોર્ટ પછી પણ ૩-૪ સપ્તાહ રાહ આરામથી જોઈ શકાય છે. આનો અર્થ એવો નથી કે નિદાન થયા પછી ૩-૪ સપ્તાહ સુધી કંઈ કરવું નહીં. પરંતુ આનો અર્થ એવો છે કે કેન્સરની સારવાર કરનાર સર્જન, મેડિકલ ઓક્રોલોજિસ્ટ, રેડિએશન ઓક્રોલોજિસ્ટ કિમોથેરાપી અને ડોક્ટરોનો અભિપ્રાય લઈ શક્ય એટલી જલદી સારવાર શરૂ કરવી. એટલે કે અઠવાડિયામાં થઈ શકે તો તેમ અને જો તે શક્ય ન હોય તો પણ ૩-૪ અઠવાડિયાથી વધુ મોડું તો ન જ કરવું.

ઘણા ભારતીય લોકોમાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે બાયોપ્સીથી કેન્સર પ્રસરે છે. પણ વાસ્તવમાં એવું નથી. મોટાભાગના લોકો જાણે છે કે યુએસએ/યુરોપમાં નિદાનથી લઈને સારવાર શરૂ કરતાં સુધીમાં ૩-૬ અઠવાડિયા સરળતાથી નીકળી જાય છે અને છતાં તેમનાં પરિણામો બહેતર છે. એનું કારણ એ છે કે સારવારના આયોજનમાં પૂરતો સમય, સાધનો અને નિપૂણતા છે.

**મૂલ્યાંકનના મુખ્ય પાસાં**

ઓક્રોલોજિસ્ટ કેન્સર નિષ્ણાતે કોઈપણ દર્દીની સારવારનો પ્લાન નક્કી કરતાં અગાઉ નીચેના વિષે ધ્યાન રાખવું ઘટે.

કેન્સર ૨૫૦ પ્રકારના હોય છે, એ દરેક તબક્કા વિવિધ હોય છે અને ઘણાં દર્દીઓમાં અન્ય રોગ/ઉંમર/તંદુરસ્તી વગેરે પરિબળો પણ કામ કરતાં હોય છે. એથી એવું નથી કે સારવારનો કોઈ એક પ્લાન બધા દર્દીને બંધબેસતો હોય.

(ક્રમશ :)



**પરિવર્તનને સ્વીકારીને મોટી સફળતા હાંસલ કરી શકાય છે કારણ કે...**

**દવા ખરીદતી વેળા તેની રિસિપ્ટ દવા વેચનાર અથવા તો કેમિસ્ટ પાસેથી ચોક્કસપણે લેવી જોઇએ દવાની ખરીદી કરતી વેળા દવા બનાવનાર કંપનીનુ નામ અથવા તો તેની એક્સપાયરી ડેટ ચોક્કસપણે જોઇ લેવી જોઇએ**

# પરિવર્તનને સ્વીકાર કરવાની જરૂર

**જ્યારે કોઇ વ્યક્તિ પોતાને બદલવા માટેની પ્રક્રિયા ખતમ કરી નાંખે છે ત્યારે તે પોતે ખતમ થઇ જાય છે**

પરિવર્તનને સ્વીકાર કરીને જીવનમાં સફળતા હાંસલ કરી શકાય છે. કોઈ વ્યક્તિએ સાચી જ વાત કરી છે કે જ્યારે કોઇ વ્યક્તિ પોતાને બદલવાનુ બંધ કરી દે છે ત્યારે તેની પ્રગતિ સંપૂર્ણપણે રોકાઇ જાય છે. પોતાને સમયની સાથે સતત બદલી નાંખવા માટેના પ્રયાસ કરવા જોઇએ. જેટલી ઝડપથી તમે પોતાને બદલશો તેટલી ઝડપથી વધુ સફળતા હાંસલ થશે. પરિવર્તન સૌથી મહત્વપૂર્ણ બાબત છે. મોટા ભાગના લોકો લાઇફમાં એટલા માટે નિષ્ફળ થઇ જાય છે કે તેઓ પોતાને બદલા માટે ઇચ્છુક હોતા નથી. સી નીલ સ્ટ્રેટ કહે છે કે પરિવર્તન લીક પર ચાલનાર વ્યક્તિ માટે સૌથી મોટી મુશ્કેલ બાબત અનેક હોય છે. કારણ કે વ્યક્તિ પોતાને એ સ્તર સુધી ઘટાડી લે છે જેના પર તે સરળતાથી ચાલી શકે છે. આવી વ્યક્તિ કોઇ પણ પડકાર અને નવી બાબતોને સ્વિકાર કરતા નથી. ભલે તેને પ્રગતિ મળતી હોય તો પણ તે નવી કોઇ



બાબતને સ્વિકારશે નહી. કેટલાક લોકો તો ખાડામાં હોય છે. સાથે સાથે ખોદકામ કરતા રહે છે. તેઓ પોતાના કામના તરીકાને બદલતા નથી અને મુશ્કેલીમાં ફસાતા જાય છે. કેટલાક લોકો એવા હોય છે જે જિદ્દી વલણ પર આગળ વધે છે. તેઓ આગળ વધતા નથી. વક્તની આંધી આવા લોકોને બરબાદ કરી નાંખે છે. કેટલાક લોકો બદલી જવાના બદલે રોકાઇ જવાનુ પસંદ કરે છે. આવા લોકો પણ ક્યાય પહોંચી શકતા નથી. જો કોઇ વ્યક્તિ નવા નવા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ઇચ્છુક છે તો તેમને નવા નવા તરીકે સાથે કામ કરવાની જરૂર રહેશે. પરિવર્તન વગર કોઇ મોટી સફળતા મળી શકે તેમ નથી. બદલાવ સાથે જ સફળતા મળે છે. નિષ્ણાંત લોકો કહે છે કે જો નવા તોર તરીકાને અપનાવીશુ નહી તો નવી નવી સમસ્યા આવતી રહેશે અને સમસ્યા વધારતી રહેશે. કેટલીક વખત સફળતા બિલકુલ નજીક હોય છે પરંતુ સફળતાના રસ્તા પર ચાલવાનો ઇન્કાર કરી દે છે. દુનિયામાં એ જ વ્યક્તિ સફળ થઇ છે જે પરિવર્તનને સ્વીકારે છે. એક પરિવર્તનની સાથે બીજા પરિવર્તનની રાહ તૈયાર થાય છે. અમને વિકાસની તક મળે છે. પરિવર્તનની ઇચ્છાને હમેંશા કાયમ રાખવામાં આવે તે જરૂરી છે. સફળતા હાંસલ કરવા માટે સતત મહેનત કરવામાં આવે તે જરૂરી છે. સતત પરિવર્તનના કારણે અમે બેચેન હોઇ શકીએ છીએ. જો કે પરિવર્તન ન થાય તો અમે ભયભીત થઇ જઇએ છીએ. જો વ્યક્તિ પોતાના સિદ્ધાંતો સાથે સમજુતી કર્યા વગર પરિસ્થિતી સાથે તાલમેળ બેસાડી લે છે તે વ્યક્તિ સફળતા હાંસલ કરે છે. પરિવર્તન ક્યારેય કોઇ એક દિવસમાં થતા નથી.

**ટેકનોલોજીમાં પાછળ રહેલા લોકોની રોજગારી પર હજુ સંકટ । રોબોટ હવે રોજગારી આંચકી રહ્યા છે**

# વિશ્વના જુદા જુદા દેશોમાં રોબોટ વિવિધ ક્ષેત્રમાં કામ કરવા લાગી ગયા છે જેથી બેરોજગારીની સમસ્યા વધશે : કુશળતા વિકસાવવાની જરૂર છે



બેરોજગારીની સમસ્યાથી આજે સમગ્ર વિશ્વના દેશો પરેશાન છે. બેરોજગારીને દુર કરવા માટે મથામણ તમામ દેશો કરી રહ્યા છે પરંતુ આ સમસ્યા વધારે જટિલ બની રહી છે. હાલમાં એવી બાબત ઉભરીને સપાટી પર આવી છે કે આધુનિક સમયમાં રોબોટ રોજગારી પર સીધી અસર કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારત સહિત વિકાસશીલ દેશોના શ્રમિકોના રોજગારની સુરક્ષા માટે હવે એવા લોકોના સમર્થનની નીતિ બનાવવી પડશે જે ટેકનોલોજી વિકાસમાં પાછળ છે. માનવ સંશાધન સાથે સંબંધિત શોધ માટે લોકપ્રિય વૈશ્વિક સંસ્થા મેન પાવર ગ્રુપે પોતાના રિપોર્ટમાં કેટલીક બાબતોનો ખુલાસો કર્યો છે.

આ સંસ્થાએ પોતાના રિપોર્ટ ટેલેન્ટ શોર્ટેજ સર્વે ૨૦૨૨માં કહ્યુ છે કે દુનિયાભરમાં ૪૫ ટકા કંપનીઓ હાલના સમયમાં કાર્ય માટે યોગ્ય પ્રતિભાઓની કમીનો સામનો કરી રહી છે. જ્યારે ભારતમાં ૫૬ ટકા કંપનીઓને યોગ્ય અને ખાલી રહેલી જગ્યાઓ પર સારા અને કુશળ કર્મચારીઓ મળી રહ્યા નથી. એક બાજુ લાયક અને કુશળ કર્મચારીઓની માંગ રોકેટ ગતિથી વધી રહી છે ત્યારે બીજી બાજુ રોજગારની જરૂર માટે નવી ચિંતા દેશ વિદેશમાં સપાટી પર આવી રહી છે. દેશ વિદેશમાં રોજગારીની સમસ્યા વચ્ચે રોબોટ એટલે કે યંત્રીકૃત માનવીની માંગ વધી રહી છે. તેમની સંખ્યા સતત વધી રહી છે. દુનિયાભરમાં હાલના દિવસોમાં રોબોટની માગ વધી છે. હાલના દિવસોમાં લોકપ્રિય લેખક માર્ટિન ફોર્ડના પુસ્તક રોબોટ્સના ઉદય ટેકનોલોજી ઔર રોજગાર વિહીન ભવિષ્યના ખતરા નામથી રહેલા પુસ્તકમાં કેટલીક બાબતોને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી રહી છે. આ લોકપ્રિય પુસ્તકમાં માર્ટિન ફોર્ડે કહ્યુ છે કે ટેકનોલોજીના પ્રતિક સમાન રોબોટ આગળ જઇને સામાન્ય પ્રકારના કેટલાક કામ માનવી પાસેથી આંચકી લેશે. ચોક્કસપણે થોડાક સમય પહેલા સુધી વાર્તામાં જ ફિલ્મોમાં જ રોબોટ અમે જોતા હતા અને સાંભળતા હતા. માત્ર કલ્પના કરવામાં આવતી હતી. હવે આ રોબોટ સાકાર રૂપ લઇ ચુક્યા છે. સ્થિતી એ છે કે રોબોટના કારણે ૨૧મી સદીમાં વૈશ્વિકરણ અને યાંત્રીકરણના દોરમાં રોબોટ સમસ્યા ઉભી કરી રહ્યા છે. દુનિયાના કેટલાક દેશોમાં રોબોટ સામાન્ય નીવન અને ઉદ્યોગ-કારોબારના મહત્વપૂર્ણ હિસ્સા તરીકે બનતા નજરે પડી રહ્યા છે. કેટલીક જગ્યાએ તો રોબોટ રેસ્ટોરન્ટમાં ભોજન બનાવવા, પિરસવા અને પ્લેટ ઉઠાવવા માટેના કામ કરી રહ્યા છે. વજન ઉઠાવીને ચાલી પણ રહ્યા છે. કેટલાક રોબોટ ઓટો ચલાવી રહ્યા છે. સૌથી વધારે રોબોટ જાપાનમાં કામ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ સમય જાપાન સૌથી ટેકનોલોજી ધરાવતા દેશ તરીકે છે.




Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

### શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડી દેતા કંગના રનૌતે કહ્યું-

# ‘મુસ્લિમ દેશોમાં કોઈ સુરક્ષિત નથી...ખુદ મુસ્લિમ પણ નથી’



વિદ્યાર્થીઓના ઉગ્ર વિરોધ બાદ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપી દીધું અને પોતાનો દેશ છોડીને ભારત આવી ગયા. દુનિયાની નજર આ સમગ્ર મામલા પર ટકેલી છે. આ દરમિયાન સાંસદ-અભિનેત્રી કંગના રનૌતે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. કંગનાએ આ મામલાને લોકોની સુરક્ષા સાથે જોડીને ધાર્મિક એંગલ આપ્યો છે. કંગનાના કહેવા પ્રમાણે, મુસ્લિમ દેશમાં જે પણ રહે છે તે સુરક્ષિત નથી. ખુદ મુસ્લિમ લોકો પણ નથી. શેખ હસીનાએ રાજીનામું આપીને દેશ છોડવાના સમાચાર શેર કરતાં કંગનાએ ઠ પર લખ્યું- ભારત આપણી આસપાસના તમામ ઈસ્લામિક ગણરાજ્યની મૂળ માતૃભૂમિ છે. બાંગ્લાદેશના માનનીય વડાપ્રધાન ભારતમાં સલામતી અનુભવે છે એ જાણીને આપણે સન્માનિત અને ખુશ છીએ, પરંતુ ભારતમાં રહેતા તમામ લોકો પૂછતા રહે છે કે હિન્દુ રાષ્ટ્ર કેમ? રામ રાજ્ય શા માટે? સારું, શા માટે તે સ્પષ્ટ છે !!! મુસ્લિમ દેશોમાં કોઈ સુરક્ષિત નથી. ખુદ મુસ્લિમો પણ નહીં. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને બ્રિટનમાં જે કંઈ થઈ રહ્યું છે તે દુર્ભાગ્યપૂર્ણ છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણે રામ રાજ્યમાં રહીએ છીએ. જય શ્રી રામ !! તમને જણાવી દઈએ કે, શેખ હસીના સરકારે ૧૯૭૧માં બાંગ્લાદેશની આઝાદી માટે લડનારા સ્વાતંત્ર્ય સેનાનીઓના સંબંધીઓ માટે ઘણી સિવિલ સેવાઓમાં આરક્ષણની જાહેરાત કરી હતી.

# એક દિવસમાં ૨૦૦ જેટલી સિગારેટ પી જતા હતા અમિતાભ બચ્ચન

### કોલેજમાં બહુ ઝઘડતાં હતા



અમિતાભ બચ્ચન પોતાની સ્ટ્રિક્ટ લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે. તે હવે સ્મોક કરતો નથી અને દારૂ પણ પીતો નથી પરંતુ શું તમને ખબર છે કે એક સમય એવો હતો જ્યારે અમિતાભ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પી જતો હતો. એક જૂના ઈન્ટરવ્યૂમાં અમિતાભે આ વિશે વાત કરી હતી. અમિતાભે જણાવ્યું કે ‘હુ નોનવેજ ખાતો નથી પરંતુ મારી પત્ની જયા ખાય છે.’અમિતાભે કહ્યું, ‘હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી. આ કોઈ ધર્મના કારણે નહીં પરંતુ ટેસ્ટના કારણે છે. મારા પરિવારમાં મારા પિતા વેજિટેરિયન હતા અને મારી માતા નહીં. તેવી જ રીતે જયા નોનવેજ ખાય છે અને હુ નહીં. હુ પહેલા મીટ ખાતો હતો. ડ્રિન્ક અને સ્મોક પણ કરતો હતો પરંતુ હવે બધું છોડી દીધું છે. કોલકાતામાં હુ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પીતો હતો, હાં ૨૦૦. પરંતુ મુંબઈ આવ્યા બાદ મે છોડી દીધી. હુ ડ્રિન્ક પણ કરતો હતો, કંઈ પણ હોય જે હાથમાં આવે તે પીતો હતો પરતુ અમુક વર્ષો પહેલા મે નક્કી કર્યું કે મને આની જરૂર નથી. આ ટેવોના કારણે મને કોઈ તકલીફ થતી નહોતી, માત્ર જ્યારે હુ વિદેશમાં શૂટિંગ કરી રહ્યો હોવ ત્યારે કેમ કે ત્યાં વેજિટેરિયન ભોજનને લઈને મુશ્કેલી પડે છે.’અમિતાભે કહ્યું કે હુ અહિંસક માણસ છુ. મને નથી લાગતુ કે હુ હિંસક માણસ છુ. હુ મારું નિયંત્રણ પણ ગુમાવતો નથી. હા, કોલેજના દિવસોમાં અમુક ઝઘડા થતા હતા પરંતુ આટલું જ. સ્ક્રીન પર લડત ખૂબ અનરિયલ હોય છે.

# કરીના સાથે ફિલ્મની ઓફર સ્વીકાર્યા બાદ આયુષ્માન ખુરાનાએ પલટી મારી

### એ-ગ્રેડ સ્ટાર સાથે જ કામ કરવાનો આગ્રહ રાખતી કરીના કપૂર ખાનના દિવસો સાચા અર્થમાં બદલાયાં



કરીના કપૂર ખાનનો સિતારો બુલંદી પર હતો ત્યારે તે નવોદિત એક્ટર્સ સાથે કામ કરવાની ના પાડી દેતી હતી. શાહરૂખ-અક્ષય જેવાં મોટાં સ્ટાર હોય તો જ ફિલ્મમાં કામ કરવાનો આગ્રહ કરીના રાખતી હતી. કો-સ્ટાર્સની પસંદગીમાં નિશ્ચિત ગમા-અણગમા સાથે કામ કરનારી કરીના કપૂર ખાનના દિવસો સાચા અર્થમાં બદલાયા હોય તેમ લાગે છે. આયુષ્માન ખુરાનાને હજુ એ-ગ્રેડ સ્ટાર્સની કેટેગરીમાં સ્થાન મળ્યું નથી. એક્ટર તરીકે આયુષ્માનની પ્રશંસા થાય છે, પરંતુ કરીનાએ અગાઉ નક્કી કરેલા માપદંડો મુજબ તે મોટો સ્ટાર નથી. આયુષ્માન અને કરીનાને લીડ રોલમાં રાખી ડાયરેક્ટર મેઘના ગુલઝારે એક ફિલ્મ ફાઈનલ કરી હતી. ફિલ્મનું શૂટિંગ શરૂ થતાં પહેલાં જ આયુષ્માન ખુરાનાએ શૂટિંગ માટે સમય ન હોવાનું કારણ દર્શાવી ના પાડી દીધી છે. જેના કારણે ડાયરેક્ટરે રીપ્લેસમેન્ટ શોધવા તજવીજ હાથ ધરી છે. મેઘના ગુલઝારે કરીના કપૂર ખાનને લીડ રોલમાં રાખીને ‘દાયરા’ પ્લાન કરી હતી. આયુષ્માન ખુરાનાએ કરીના સાથે કામ કરવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના કારણે ફિલ્મને ફ્લોર પર લઈ જવાની તૈયારીઓ શરૂ થઈ હતી. જો કે આયુષ્માન ખુરાના અત્યારે અમેરિકામાં મ્યૂઝિક ટૂર અને બોર્ડર ૨ના શૂટિંગમાં રોકાયેલો છે. જેના કારણે હાલ કરીના કપૂર ખાન સાથેની ફિલ્મનું શૂટિંગ કરવા માટે સમય નહીં હોવાની તેની દલીલ છે. રિપોર્ટ્સ મુજબ, આયુષ્માન ખુરાના તરફથી ફિલ્મની ટીમને તારીખો નહીં હોવા બાબતે જાણ કરી દેવાઈ છે.

# કૂલી-કાલિયા જેવા હીરો આપવાનું ભૂલી જવાય છે



સાઉથ ઈન્ડિયન સિનેમા અને બોલિવૂડ વચ્ચે ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ૨૦૨૪માં ફરી તેલુગુ સિનેમાએ બોક્સ ઓફિસ પર હિન્દી ફિલ્મો કરતાં સારું પ્રદર્શન કર્યું છે. ૨૦૨૩માં બોલિવૂડને ‘જવાન’, ‘ગદર’ અને ‘એનિમલ’ની રિલીઝ સાથે થોડા સમય માટે જીવતદાન મળી ગયું હતું પરંતુ ૨૦૨૪ આવતા દર્શકોનો પ્રેમ ફરી સાઉથના સિનેમા તરફ વળી ગયો છે. ખાસ કરીને નાગ અશ્વિનની ‘કલ્કિ ૨૮૯૮ એડી’ તેલુગુ અને હિન્દી બંને ભાષામાં વર્ષની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. બોલિવૂડની ફિલ્મો ઓડિયન્સને ઈમ્પ્રેસ કેમ નથી કરતી? તે અંગે અલ્લુ અર્જુને બોલ્ડ ઓપિનિયન આપ્યો હતો. આ ઓપિનિયને વિગતે સમજાવતાં ડાયરેક્ટર નિખિલ અડવાણીએ કહ્યું હતું કે, કૂલી અને કાલિયા જેવા હીરો આપવાનું બોલિવૂડ ભૂલી ગયું છે.

# જાન્હવી કપૂરની બીજી તેલુગુ ફિલ્મનું મૈસૂરુમાં શૂટિંગ શરૂ

### ડાયરેક્ટરે ચામંડેશ્વરી માતાના દર્શન બાદ શરૂઆત કરી

જુનિયર એનટીઆર સાથે ‘દેવરા’ની રિલીઝ પછી જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે. મૈસૂરુમાં ચામુંડેશ્વરી માતાના મંદિરમાં દર્શન બાદ ડાયરેક્ટર બુચી બાબુએ ફિલ્મની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં જાન્હવીની સાથે લીડ રોલમાં રામચરન છે. ફિલ્મની લીડ કાસ્ટ સોમવારથી શૂટિંગમાં જોડાઈ શકે છે. ડાયરેક્ટર બુચીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી માતાના દર્શન બાદ શુભેચ્છકોના આશીર્વાદ માગ્યા હતા. જાન્હવીએ પ્રાર્થના અને તાળીઓની ઈમોજી સાથે આ પોસ્ટ પર રીએક્ટ કર્યું હતું. ‘મગધીરા’માં રામચરન સાથે કામ કરનારા દેવ ગિલે પણ કોમેન્ટ કરી હતી. ફિલ્મમાં જગપતિ બાબુનો મહત્ત્વનો રોલ છે અને તેઓ પોતાના દમદાર રોલથી આખી ફિલ્મ પર છવાઈ જવા તૈયાર છે. જગપતિ અને રામચરને અગાઉ ડાયરેક્ટર સુકુમારની ફિલ્મ રંગસ્થલમમાં સાથે કામ કરેલું છે. જાન્હવી અને રામચરન પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. રામચરન અને જાન્હવીના સ્ક્રિન શેરના દૃશ્યો સોમવારે શૂટ થઈ શકે છે. આ ફિલ્મ માટે રામચરને આકરી મહેનત કરીને ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન કર્યું છે. જાન્હવી અને રામચરન સાથે પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાનું આયોજન થયું છે. જાન્હવીએ જુનિયર એનટીઆર સાથે કરેલી ‘દેવરા’ને બોક્સઓફિસ પર ઠંડો રિસ્પોન્સ મળ્યો હતો. રામચરન સાથેની આગામી ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. તેને હાલ આરસી૧૬ તરીકે ઓળખવામાં આવે છે. જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મને કેવો રિસ્પોન્સ મળે છે તે જોવું રહ્યું.



# કેટરિના કૈફને ડાયાબિટીસ ! હાથ પર બ્લેક પેચ જોઈને ચાહકોની વધી ચિંતા

કેટરીના કૈફ હાલમાં જ એક નવરાત્રિ ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં તે બ્લેક પેચ સાથે જોવા મળી હતી, જેને જોઈને ફેન્સ તેના સ્વાસ્થ્યની ચિંતા કરવા લાગ્યા હતા. આ બ્લેક પેચ જોઈને ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે તેને ડાયાબિટીસ છે કે કેમ. કેટરિના કૈફ માત્ર એક શાનદાર અભિનેત્રી જ નથી, પરંતુ એક સ્ટાઈલ આઈકોન પણ માનવામાં આવે છે, જે ફેશનના મામલે ક્યારેય પાછળ નથી રહેતી. તાજેતરમાં અભિનેત્રીએ નવરાત્રિના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેમાં તે સાડી પહેરેલી જોવા મળી હતી. આ દરમિયાન કેટલાક ચાહકોએ તેના હાથ પર કાળો ડાઘ જોયો, જેના કારણે ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. આ જોઈને લોકોએ પૂછ્યું પણ, “શું તેને ડાયાબિટીસ છે?” કેટરીના કૈફ નવરાત્રી ઈવેન્ટમાં હાજરી આપવા મુંબઈના કાલીના એરપોર્ટ પર જોવા મળી હતી. કેટરીના એરપોર્ટ પર ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી. અભિનેત્રીએ પીચ રંગની સાડી પહેરીને ઘણી હેડલાઈન્સ મેળવી હતી, જે તરુણ તાહિલિયાની દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી. આ ઈવેન્ટમાં કેટરીનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. એક તરફ ચાહકો કેટરીનાની ફેશન સેન્સના વખાણ કરતા જોવા મળ્યા હતા.



# સારાએ સફળ જીવનનું શ્રેય કેદારનાથને આપ્યું


સારા અલી ખાનને કેદારનાથ પ્રત્યે કેટલી શ્રદ્ધા છે અને તે અનેક વખત કેદારનાથની મુલાકાત લે છે, તે તો તેના દરેક ફૅન્સ જાણે છે. સારાની ડેબ્યુ ફિલ્મ ‘કેદારનાથ’ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં સારાએ કહ્યું કે આ સ્થળની પહેલી મુલાકાતે તેનું જીવન કઈ રીતે બદલ્યું અને તેને અંગત જીવન તેમજ કરિઅરમાં જે પણ સફળતાઓ મળી તેનું શ્રેય તેણે કેદારનાથને આપ્યું હતું. આ સ્થળ સાથેના તેના જોડાણ અંગે વાત કરતાં સારાએ કહ્યું,“જ્યારે હું પહેલી વખત કેદારનાથ ગઈ તો, હું એક એક્ટર નહોતી કે નહોતી હાલ છું એ વ્યક્તિ. આજે હું જે કંઈ પણ છું તે માત્ર આ જગ્યાને કારણે છું. જ્યારે પણ બુલાવો આવે છે ત્યારે હું ફરી તેમના દર્શન માટે પહોંચી જઉં છું અને મારું કામ કર્યા કરું છું.”સારા કેદારનાથ ઉપરાંત પણ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેતી રહે છે અને તેની ધાર્મિકતા માટે જાણીતી છે. આ મુલાકાતો તે પોતાના સોશિયલ મીડિયા પર પણ શેર કરતી રહે છે, છતાં એક મુસ્લિમ પિતા અને હિન્દુ માતાની દિકરી થઈને મંદિરોની મુલાકાતો લેતી હોવાથી તેને ઘણી વખત ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. આ પ્રકારની નકારાત્મકતાઓનો સામનો કરવા અંગે સારાએ અગાઉના ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, તેનાથી તેને ખાસ ફરક પડતો નથી. જ્યાં સુધી તેના કામના વખાણ થતાં રહે છે, ત્યાં સુધી તે આ આસપાસના ઘોંઘાટ પર ધ્યાન આપતી નથી. સારાના કામની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે કન્નન ઐયરની ‘એ વતન મેરે વતન’માં કામ કર્યું હતું. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી. અનુરાગ બાસુની આગામી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’માં સારાનો લીડ રોલ જોવા મળશે.



# વિક્રાંત મેસ્સી સાથે શનાયા કપૂર ડેબ્યુ કરશે

### ‘આંખો કી ગુસ્તાખિયાં’ માં પ્રજ્ઞાચક્ષુ સંગીતકાર સાથે શનાયાની લવ સ્ટોરી

શનાયા કપૂર પણ હવે તેના અન્ય ભાઈ-બહેનોની જેમ બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. સંજય કપૂર અને મહીપ કપૂરની દિકરી શનાયા વિક્રાંત મેસ્સી સાથે ‘આંખો કી ગુસ્તાખિયાં’ ફિલ્મ સાથે બોલિવૂડમાં એન્ટ્રી કરશે.આ અંગેના કેટલાંક અહેવાલો આવતાં થયાં છે, જે મુજબ શનાયા આ ફિલ્મમાં એક થિએટર એક્ટ્રેસના રોલમાં જોવા મળશે. જ્યારે વિક્રાંત એક પ્રજ્ઞાચક્ષુ સંગીતકારના રોલમાં જોવા મળશે. તેમની બંને વચ્ચેની આ એક લવ સ્ટોરી છે. એવું માનવામાં આવે છે કે રસ્કિન બોન્ડની સ્ટોરી ‘ધ આઈઝ હેવ ઈટ’ પરથી આ ફિલ્મ બની છે. જેમાં કરૂણા, આઝાદી અને મહત્વકાંક્ષાઓ જેવી લાગણીઓ એક સંગીતપ્રધાન વાર્તામાં સુંદરતાથી વણી લેવામાં આવશે. જેમાં કેટલાંક સરપ્રાઈઝિંગ ટ્વિસ્ટ્સ પણ હશે.આ ફિલ્મ નિરંજન આયંગર અને માનસી બગલા દ્વારા લખવામાં આવી છે, શરૂઆતમાં નિરંજન આયંગર આ ફિલ્મ ડિરેક્ટ કરવાના હોવાના અહેવાલો હતો. પરંતુ ઈમોશનલ વાર્તાઓ ડિરેક્ટ કરવામાં જેની માસ્ટરી છે એવા સંતોષ સિંઘ હવે આ ફિલ્મ ડિરેક્ટ કરવાના છે. જે પહેલાં ‘બ્રોકન બટ બ્યુટીફૂલ’ અને ‘અપહરણ’ જેવી ફિલ્મો ડિરેક્ટ કરી ચૂક્યા છે. આ ફિલ્મના પ્રોડ્યુસર માનસી અને વરુણ બગલા આ પહેલાં વિક્રાંત મેસ્સી સાથે ઓટીટી શો ‘ફોરેન્સિક’ની રીમેક પર કામ કરી ચૂક્યા છે.શનાયાને આ ફિલ્મ માટે કાસ્ટ કરવામાં આવી એ પહેલાં આ રોલ માટે તારા સુતરીયા, અલાયા એફ અને પ્રતિભા રાંટા જેવા નામો પર ચર્ચા થઈ હતી. પહેલાં તે ‘બેધડક’થી ડેબ્યુ કરવાની હતી.



# જમ્મુ અને કાશ્મીરમાં તાપમાન -૨૫ ડિગ્રીએ પહોંચ્યું । દાલ સરોવર થીજી ગયું





શ્રીનગર : જમ્મુ-કાશ્મીરમાં દરરોજ પસાર થતા તાપમાનમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. કાશ્મીર ખીણમાં તાપમાન માઈનસ ૨૫ ડિગ્રી થઈ ગયું છે. જેના કારણે વિશ્વ પ્રસિદ્ધ દાલ સરોવરનો દરેક ભાગ જામી ગયો છે. દાલ સરોવરના કેટલાક ભાગોમાં ૩ થી ૬ ઈંચ જાડા બરફનો થર ફેલાઈ ગયો છે. જેના કારણે દાલ સરોવરમાં શિકારની ગતિ થંભી ગઈ છે. જો શિકારીઓ આગળ વધી રહ્યા હોય, તો પણ આગળ વધતા પહેલા તેમને બરફના જાડા પડમાંથી પસાર થવું પડે છે. મળતી માહિતી મુજબ આ દિવસોમાં કાશ્મીરના દરેક ભાગમાં ઠંડીના કારણે લોકોની હાલત દયનીય બની ગઈ છે. સ્થિતિ એવી છે કે તળાવો અને નદીઓના પાણી સંપૂર્ણ રીતે બંધ થઈ ગયા છે. જેના કારણે પીવાના પાણીના નળ અને પાઈપલાઈન જામ થઈ ગઈ છે. પાણી અને વીજળીની અછતથી લોકો ભારે પરેશાન છે. ખાસ કરીને તળાવમાં રહેતા લોકોને તેમના ઘરની બહાર આવવા માટે બરફના જાડા થરમાંથી પસાર થવું પડે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં કાશ્મીરમાં લોકોને ઠંડીથી રાહત મળવાની કોઈ આશા નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કાશ્મીરમાં આગામી ૪૮ કલાકમાં ઠંડી વધુ રહેશે અને આ ઠંડીની અસર દેશના અન્ય રાજ્યોમાં પણ જોવા મળી શકે છે.

## અભિનેતા અર્જુન કપૂર ઓનલાઈન છેતરપિંડીનો શિકાર બન્યો



। મુંબઇ, તા.૨૬ ।

બોલિવૂડ એક્ટર અર્જુન કપૂરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને ચાહકોને ઓનલાઈન છેતરપિંડીથી સાવધ રહેવાની સલાહ આપી છે. તેણે એક વ્યક્તિ વિશે જણાવ્યું જે પોતાનો મેનેજર બતાવીને લોકોને છેતરતો હતો. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરતી વખતે, અર્જુન કપૂરે તેના ફોલોઅર્સને એક ફેક એકાઉન્ટ વિશે માહિતી આપી હતી જે તેના મેનેજર હોવાનો દાવો કરી રહ્યો હતો. આ વ્યક્તિ છેતરપિંડી કરનાર હતો. આ છેતરપિંડી કરનાર અર્જુનના નામનો ઉપયોગ કરીને લોકોને તેમની અંગત માહિતી શેર કરવા અને શંકાસ્પદ લિંક પર ક્લિક કરવાનું કહેતો હતો.અર્જુને તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું, ''મને ખબર પડી છે કે એક શંકાસ્પદ વ્યક્તિ લોકોનો સંપર્ક કરી રહ્યો છે અને મારા મેનેજર હોવાનો દાવો કરી રહ્યો છે. તે લોકોને મારી સાથે જોડાવા માટે પણ કહી રહ્યો છે. કૃપા કરીને ધ્યાનમાં રાખો કે આ સંદેશાઓ અસલી નથી અને હું જો તમે આવા સંદેશાઓ પ્રાપ્ત કરો છો.

### સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે

## રાજસ્થાનમાં ધુમ્મસ, યુપીમાં ઠંડીથી પરેશાની, દિલ્હી એનસીઆરમાં વરસાદની શક્યતા

**લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં તાબો રાજ્યનું સૌથી ઠંડું સ્થળ હતું, જ્યાં રાત્રિનું તાપમાન માઈનસ ૧૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું**

। નવી દિલ્હી, તા.૨૬ ।

દેશની રાજધાની દિલ્હીમાં વરસાદની સંભાવના છે. વરસાદને કારણે અહીં હવાનું સ્તર સુધરી શકે છે અને દિલ્હીની આસપાસના વિસ્તારોમાં પારો વધુ નીચે આવી શકે છે.દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.તે જ સમયે, રાજસ્થાનમાં ધુમ્મસને કારણે, સામાન્ય જનજીવન ખૂબ પ્રભાવિત થયું છે. આગામી દિવસોમાં પણ ધુમ્મસ સાથે ઠંડી અને કરા પડવાની સંભાવના છે. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે જે આ સિઝનના સરેરાશ તાપમાન કરતાં ૧.૫ ડિગ્રી ઓછું છે. તેમણે કહ્યું કે ક્રિસમસના દિવસે પણ દિલ્હીની હવાની ગુણવત્તા ''ખૂબ જ નબળી'' શ્રેણીમાં રહી હતી. દિલ્હીનો ૨૪-કલાક એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૩૬ નોંધાયો હતો, જે ''ખૂબ જ નબળી'' શ્રેણીમાં આવે છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર, દિલ્હીની હવાની ગુણવત્તા સતત બીજા દિવસે ''ખૂબ



નબળી'' શ્રેણીમાં રહી હતી. અગાઉ તે ''ગંભીર'' શ્રેણીમાં નોંધાયેલું હતું. દિલ્હીમાં ભેજનું સ્તર ૬૭ ટકાથી ૧૦૦ ટકાની વચ્ચે નોંધાયું હતું. હવામાનશાસ્ત્રીઓએ ૨૭,૨૮ અને ૨૯ ડિસેમ્બરે રાષ્ટ્રીય રાજધાનીમાં મોડી રાત્રે અને સવાર દરમિયાન ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. દિલ્હીમાં આંશિક વાદળછાયું આકાશ અને સાંજ કે રાત્રે હળવો વરસાદ થવાની સંભાવના છે.દિલ્હીમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે ૨૩ અને ૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે.હિમાચલ પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં હિમવર્ષાને પગલે ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત કુલ ૧૩૪ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતાં કડકડતી ઠંડીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં તાબો રાજ્યનું સૌથી ઠંડું સ્થળ હતું, જ્યાં રાત્રિનું તાપમાન માઈનસ ૧૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

**રાહુલ ગાંધીએસરકાર પર આકરા પ્રહારો કર્યા**

## વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમતને સાંખી લેવામાં આવશે નહીં : રાહુલ ગાંધી

**પટણા પોલીસે બુધવારે બીપીએસસી પ્રશ્નપત્ર લીક મુદ્દે વિરોધ કરી રહેલા ઉમેદવારો પર લાઠીચાર્જ કર્યો હતો**

। પટણા, તા.૨૬ ।

પટણા પોલીસે બુધવારે બીપીએસસી પ્રશ્નપત્ર લીક મુદ્દે વિરોધ કરી રહેલા ઉમેદવારો પર લાઠીચાર્જ કર્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ મામલે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે આ અત્યંત શરમજનક અને નિંદનીય છે. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમતને સાંખી લેવામાં આવશે નહીં. અમે તેમની સાથે છીએ અને તેમને ન્યાય અપાવવા માટે લડત આપીશું.રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં કહ્યું તેનું તાજેતરનું ઉદાહરણ બિહાર છે. બીપીએસસી ઉમેદવારો પેપર લીક સામે અવાજ ઉઠાવી રહ્યા છે અને પરીક્ષા રદ કરવાની માંગ કરી રહ્યા છે. પરંતુ પોતાની નિષ્ફળતા છુપાવવા માટે એનડીએ સરકાર વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરી રહી છે.રાહુલની સાથે કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ પણ આ મામલે સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, આ રીતે હાથ જોડી રહેલા યુવાનો પર લાકડીઓનો ઉપયોગ કરવો એ ક્રૂરતાની ચરમસીમા છે. ભાજપના શાસનમાં રોજગાર માંગતા યુવાનોને લાકડીઓ વડે મારવામાં આવે છે. ઉત્તર પ્રદેશ હોય, બિહાર હોય કે મધ્યપ્રદેશ, જો યુવાનો અવાજ ઉઠાવે છે તો તેમને બેરહેમીથી મારવામાં આવે છે. વિશ્વના સૌથી યુવા દેશના યુવાનોનું ભવિષ્ય શું હશે તે વિચારવાનું અને તેમના માટે નીતિઓ બનાવવાનું કામ સરકારોનું છે. ભાજપ પાસે માત્ર ખુરશી બચાવવાનું વિઝન છે. જે કોઈ રોજગાર માંગશે તેને ત્રાસ આપવામાં આવશે.આપને જણાવી દઈએ કે, બુધવારે પટનામાં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર લીક થવાનો દાવો કરીને પરીક્ષા રદ કરવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન પોલીસે તેના પર લાઠીચાર્જ કર્યો હતો.

## છેલ્લા ઘણા સમયથી મારા જીવનમાં ઘણા બધા પડકારો આવ્યા : મલાઈકા અરોરા



। મુંબઇ, તા.૨૬ ।

અભિનેત્રી મલાઈકા અરોરા કોઈને કોઈ વાતને લઈને ચર્ચામાં રહે છે. એ સોશિયલ મીડિયા પર પણ એક્ટિવ રહે છે અને પોતાની લાઈફ સંબંધિત અપડેટ પોતાના ચાહકો સાથે શેર કરતી હોય છે. મલાઈકા અરોરા અને અર્જુન કપૂર એકબીજાને લાંબા સમયથી ડેટ કરતા હતા. પરંતુ છેલ્લા ઘણા સમયથી બંને સાથે નથી. અર્જુન કપૂર એ તો એક ઈવેન્ટમાં પોતે સિંગલ છે તેવું નિવેદન પણ આપી દીધું હતું. આ ઘટનાના લાંબા સમય પછી મલાઈકા અર્જુનને આ વાત પર રિએક્શન આપ્યું છે. મલાઈકા અરોરા પોતાની પર્સનલ લાઈફ વિશે વધારે વાત કરતી નથી. તેનું કહેવું છે કે તે પોતાના અંગત જીવનને અંગત જ રાખવા માંગે છે. પરંતુ તાજેતરના એક ઈન્ટરવ્યૂ દરમિયાન મલાઈકા અરોરા ને જ્યારે અર્જુન કપૂરના સિંગલ હોવાની વાતનું પૂછવામાં આવ્યું તો તેને આ અંગે પહેલીવાર ખુલાસો કર્યો. મલાઈકા અરોરા એ કહ્યું કે, આ તેની પોતાની સમજ છે અને તેનો અધિકાર પણ છે. તે પોતાની લાઈફ વિશે કોઈ પણ વાત કહી શકે છે.

## ઈરાને ૨ વર્ષ પછી અચાનક ગૂગલ પ્લે અને વોટ્સએપ પરથી હટાવ્યો પ્રતિબંધ

। તેહરાન, તા.૨૬ ।

ઈરાને લગભગ બે વર્ષ બાદ અચાનક પોતાના દેશમાં ગૂગલ પ્લે અને વોટ્સએપ પરથી પ્રતિબંધ હટાવી લીધો છે. તમને જણાવી દઈએ કે ઈરાન સરકારે આની જાહેરાત કરી અને કહ્યું કે તેણે બે વર્ષથી વધુ સમય પછી 'વોટ્સએપ' અને 'ગુગલ પ્લે' પર લગાવવામાં આવેલ પ્રતિબંધ હટાવી લીધો છે.એવું જણાવવામાં આવ્યું હતું કે દેશની 'સુપ્રીમ કાઉન્સિલ ઑફ સાયબરસ્પેસ' એ રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયનની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લીધો હતો.રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા પરનો પ્રતિબંધ હટાવવાનો સંકલ્પ કર્યો છે. ઈરાનના સંચાર મંત્રી સત્તાર હાશેમીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં. ઘણા લોકોએ રાજધાની તેહરાન અને અન્ય શહેરોમાં ધ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું કે તેઓ કમ્પ્યુટર પર ઉપરોક્ત બે સેવાઓનો લાભ લેવા સક્ષમ છે પરંતુ હજી પણ મોબાઈલ ફોન પર સેવા શરૂ કરવામાં અસમર્થ છે.

## અમેરિકી રાષ્ટ્રપતિએ રશિયાના મિસાઈલ હુમલાની નિંદા કરી, યુક્રેનના લોકોને શાંતિથી જીવવાનો અધિકાર છે

। વોશિંગ્ટન, તા.૨૬ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને યુક્રેન પર રશિયાના મિસાઈલ અને ડ્રોન હુમલાની નિંદા કરી છે. તેમણે કહ્યું છે કે યુક્રેનના લોકોને પણ શાંતિપૂર્ણ વાતાવરણમાં રહેવાનો અધિકાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટ યુક્રેનને શસ્ત્રોનો પુરવઠો વધારશે અને અન્ય દેશોને યુક્રેનની સાથે ઊભા રહેવા હાકલ કરી છે.''ક્રિસમસના દિવસે, રશિયાએ યુક્રેનિયન શહેરો અને નિર્ણાયક ઉર્જા માળખા પર એક



મિસાઈલ અને ડ્રોન હુમલો કર્યો,'' બિડેને એક નિવેદનમાં કહ્યું, ''આ અત્યાચારી હુમલાનો હેતુ શિયાળા દરમિયાન યુક્રેનિયન લોકોની ગરમી અને વીજળીની ઍક્સેસને કાપી નાખવા અને તેના ગ્રીડને વિક્ષેપિત કરવાનો હતો. મને એ સ્પષ્ટ કરવા દો કે યુક્રેનિયન લોકો શાંતિ અને સલામતીથી જીવવાને લાયક છે, અને યુનાઈટેડ સ્ટેટ્સ અને આંતરરાષ્ટ્રીય સમુદાયે યુક્રેનની સાથે ઊભા રહેવું જોઈએ જ્યાં સુધી તે રશિયન આક્રમણ પર કાબુ મેળવી શકે નહીં.તેમના નિવેદનમાં, બિડેને યુક્રેનને યુએસ સંરક્ષણ પુરવઠા પર પ્રકાશ પાડ્યો અને કહ્યું કે યુએસ રશિયા સામે યુક્રેનને મજબૂત કરવાનું ચાલુ રાખશે.

**ખ્રિસ્તીઓના ઘરો સળગાવ્યા** | **લામા ઉપજિલ્લાના સરાઈ યુનિયનના નોટન તોંગઝિરી ત્રિપુરા પારામાં બપોરે લગભગ ૧૨.૩૦ વાગ્યે બની હતી**

## ક્રિસમસ પર બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર નિર્દયતા

। ઢાકા, તા.૨૬ ।

બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર નિર્દયતાની વધુ એક મોટી ઘટના સામે આવી છે. નાતાલના દિવસે બંદરબનમાં ખ્રિસ્તી ત્રિપુરા સમુદાયના ૧૭ ઘરોને બાળી નાખવામાં આવ્યા હતા. ઘરોને આગ લગાવીને બદમાશો ભાગી ગયા હતા. આગની આ ઘટના લામા ઉપજિલ્લાના સરાઈ યુનિયનના નોટન તોંગઝિરી ત્રિપુરા પારામાં બપોરે લગભગ ૧૨.૩૦ વાગ્યે બની હતી. બદમાશોએ તે ઘરોને આગ લગાવી દીધી જ્યારે લોકો



ક્રિસમસની ઉજવણી કરવા માટે બીજા ગામમાં ગયા હતા. કારણ કે તેમના વિસ્તારમાં કોઈ ચર્ચ ન હતું. મુખ્ય સલાહકારની પ્રેસ વિંગે ત્રિપુરા સમુદાયના ઘરો પર આગ લગાડવાની ઘટનાની સખત નિંદા કરી છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે, ત્રિપુરા સમુદાયના ૧૯ ઘરોમાંથી ૧૭ ઘર બળીને રાખ થઈ ગયા. તેમણે કહ્યું કે ત્રિપુરા સમુદાયના લોકો લાંબા સમયથી આ વિસ્તારમાં રહે છે. પરંતુ થોડા વર્ષો પહેલા લોકોએ તેમને બળજબરીથી બહાર કાઢ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે અવામી લીગના શાસન દરમિયાન આ વિસ્તાર પોલીસ અધિકારીની પત્નીને લીઝ પર આપવામાં આવ્યો હતો. આ પછી તેઓએ ગામમાં વૃક્ષારોપણ કર્યું.

નોટુન તોંગઝીરી પારાના વડા પૈસાપ્રુ ત્રિપુરાએ કહ્યું કે, અમે અહીં ત્રણ-ચાર પેઢીઓથી રહીએ છીએ. પોતાને એસપી મેન' ગણાવતા લોકોના એક જૂથે ચાર-પાંચ વર્ષ પહેલાં અમને કાઢી મૂક્યા હતા. દરમિયાન પીડિત ગુંગામણિ ત્રિપુરાએ કહ્યું કે, અમારા ઘર સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયા છે. અમે કંઈપણ બચાવી શક્યા નહીં. સ્થાનિક લોકોને જણાવ્યું કે તે સમયે બેનઝીર અહેમદ પોલીસ મહાનિરીક્ષક હતા. તેણે આ વિસ્તાર તેની પત્નીના નામે લીઝ પર આપ્યો હતો. અવામી લીગના શાસનના પતન પછી રહેવાસીઓ પાછા ફર્યા અને ત્યાં નવા બનેલા મકાનોમાં રહેવા લાગ્યા હતા.

**અન્ય ઘણી ફ્લાઈટને પણ અસર થઈ હતી**

**જાપાન એરલાઈન્સે જણાવ્યું હતું કે ગુરુવારે સાયબર હુમલાને કારણે તેની ૨૦ થી વધુ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ મોડી પડી હતી**

## જાપાન એરલાઇન્સ પર મોટો સાયબર હુમલો । ડઝનબંધ ફ્લાઇટ્સ પ્રભાવિત

। ટોક્યો, તા.૨૬ ।

જાપાન એરલાઈન્સ પર મોટો સાયબર હુમલો થયો છે. જેના કારણે સેંકડો ફ્લાઈટો પ્રભાવિત થઈ છે. જાપાન એરલાઈન્સે જણાવ્યું હતું કે ગુરુવારે સાયબર હુમલાને કારણે તેની ૨૦ થી વધુ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ મોડી પડી હતી. જ્યારે અન્ય ઘણી ફ્લાઈટને પણ અસર થઈ હતી. જો કે, કંપનીનો દાવો છે કે તેણે થોડા કલાકો પછી તેની સિસ્ટમ પુનઃસ્થાપિત કરી. આનાથી ફ્લાઈટની સલામતી પર કોઈ મોટી અસર થઈ નથી. ત્નછન્એ જણાવ્યું હતું કે સમસ્યા ગુરુવારે સવારે ત્યારે શરૂ થઈ જ્યારે કંપનીની આંતરિક અને બાહ્ય સિસ્ટમને જોડતા નેટવર્કમાં ખરાબી આવવા લાગી.એરલાઈને જણાવ્યું હતું કે તેણે આનું કારણ નક્કી કર્યું છે કે આ હુમલો ડેટાના મોટા પાયે ટ્રાન્સમિશનથી નેટવર્ક સિસ્ટમને વિક્ષેપિત કરવાનો હેતુ હતો. આવા હુમલાઓ જ્યાં સુધી લક્ષ્યાંકિત પ્રતિભાવ પ્રાપ્ત




ન થાય અથવા સિસ્ટમ ક્રેશ ન થાય ત્યાં સુધી સિસ્ટમ અથવા નેટવર્ક અત્યંત વ્યસ્ત બની જાય છે.જેએએલએ જણાવ્યું હતું કે હુમલામાં કોઈ વાયરસ સામેલ નથી અને કોઈ ગ્રાહક ડેટા લીક થયો નથી. સવાર સુધીમાં, સાયબર હુમલાને કારણે ૨૪ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ૩૦ મિનિટથી વધુ મોડી પડી હતી, એમ તેણે જણાવ્યું હતું.નિષ્ણાતોએ વારંવાર જાપાનની સાયબર સુરક્ષાની નબળાઈઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે, ખાસ કરીને કારણ કે દેશ તેની સંરક્ષણ ક્ષમતાઓનું નિર્માણ કરે છે અને યુનાઈટેડ સ્ટેટ્સ અને અન્ય ભાગીદારો સાથે મળીને કામ કરે છે, જ્યાં સાયબર સુરક્ષા વધુ કડક છે. જાપાને પગલાં લીધાં છે, પરંતુ નિષ્ણાતો કહે છે કે વધુ કામ કરવાની જરૂર છે. જૂનમાં, જાપાનની સ્પેસ એજન્સીએ જણાવ્યું હતું કે તેણે ૨૦૨૩ થી વારંવાર સાયબર હુમલાઓનો સામનો કરવો પડ્યો છે, જોકે રોકેટ, ઉપગ્રહો અને સંવેદનશીલ સંરક્ષણ સંબંધિત માહિતીને અસર થઈ નથી. એજન્સી નિવારક પગલાં લેવા માટે તપાસ કરી રહી છે.

## કચ્છ જીલ્લાના લખપત તાલુકામાં ૩.૭ની તીવ્રતા સાથે ભૂકંપનો આંચકો

। ભુજ, તા.૨૬ ।

કચ્છ જીલ્લાના લખપત તાલુકામાં ફરીથી ભૂકંપ આવ્યો છે. લખપતમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ આવતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. આજે સવારે ૧૦:૪૪ મિનિટે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ લખપતથી ૭૬ કિમી દૂર નોંધાયું છે, ભારત-પ ાકિસ્તાન બોર્ડર ઉપર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાતા ધરા ફરીથી ધ્રુજી ઉઠી છે.અગાઉ ૩.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતે. બપોરે ૩:૫૮ વાગ્યે બેલાથી ૨૯ કિલોમીટર દૂર આંચકો નોંધાયો હતો. પ ૂર્વ કચ્છના બેલાથી ૨૯ કિમી દૂર નોર્થ – નોર્થ ઈસ્ટમાં આંચકો નોંધાયો હતો. થોડા સમય અગાઉ ભૂકંપનું કેન્દ્ર બિંદુ ભચાઉથી ૧૦ કિ.મી. દૂર નોંધાયું હતું. બે મહિના અગાઉ કચ્છના ભચાઉમાં મોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

### શહેરમાં રહેણાંકી ઘરમાં દેશી દારૂનો હાટડો ચાલતો હતો

# ભાવનગર શહેરમાં સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા ઘરમાંથી ૧૪૦૦થી વધુ લીટર દારૂનો જથ્થો ઝડપાયો

## કુલ ૧૪૬૦ લીટર ૨.૯૨ લાખનો દારૂ અને પાંચ મોબાઇલ મળી ૩.૪૩ લાખનો મુદ્દામાલ કબજે

। માહિતી બ્યુરો, ભાવનગર,તા.૨૬ ।

ભાવનગર શહેરમાં રહેણાંકી ઘરમાં દેશી દારૂનો હાટડો ચાલતો હતો. ત્યારે સ્થાનિક પોલીસની જાણ બહાર સ્ટેટ મોનીટરિંગ સેલે શહેરમાં રહેણાંકી ઘરમાં ઘુસીને લાખોનો દેશી દારૂ પ કડી લીધો હતો. પોલીસે મહિલા સહિત કુલ સાત સામે ફરિયાદ નોંધાવી છે. ત્યારે દારૂ કેટલો અને કેટલી કિંમતનો ઝડપ ાયો, જાણો.ભાવનગર શહેરમાં સ્થાનિક પોલીસ સુતી રહી અને સ્ટેટ મોનિટરિંગ સેલે ઘરમાં ઘુસીને વિદેશી નહીં પરંતુ દેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. રેડ કર્યાની સાથે જ પોલીસે એક મહિલા સહિત પાંચ પુરુષોને ઝડપી ભાવનગર શહેરની



બોરતળાવ પોલીસને જાણ કરી હતી ત્યારબાદ ગુનો નોંધાવ્યો હતો.ભાવનગર શહેરમાં સ્ટેટ મોનિટરિંગની ટીમ તપાસમાં હતી ત્યારે મળેલી બાતમીને આધારે શહેરના કુંભારવાડા વિસ્તારમાં અવેડા પાસે રહેતા ઝુબેદાબેન શેખના ઘરે રેડ કરી હતી. રેડ દરમિયાન દેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે. આ સાથે પ ાંચ શખ્સો પણ ઝડપાયા હતા. આથી બોરતળાવ પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા એક મહિલા સહિત છ પુરુષ મળી કુલ સાત સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.સ્ટેટ મોનિટરિંગ સેલની નોંધાવેલી પોલીસ ફરિયાદ પ્રમાણે, કુંભારવાડામાં નારી રોડ ઉપર આવેલા અવેડા પાસે રહેતા બુટલેગર મહિલા ઝુબેદાબેનના ઘરે રેડ કરતા તેના ઘરેથી તેના ભાગીદાર રસુલ ઘાંચી પણ મળી આવ્યો હતો. આમ કુલ ૧૪૬૦ લીટર ૨.૯૨ લાખનો દારૂ અને પ ાંચ મોબાઈલ મળી ૩.૪૩ લાખનો મુદ્દામાલ કબજે લઈ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ કુંભારવાડામાં કરેલી રેડ દરમિયાન ઝુબેદાબેન શેખ અને રસુલ ઘાંચી તેમજ યાકુબ શેખ, સુરેશભાઈ ચૌહાણ, મહેબૂબ શેખ, સાહિલ શેખ મળી આવ્યા હતા.

### મગદલ્લા ગામમાં પોતાના ઘરમાં જ ક્લિનિક ચલાવતી હતી

### સુરતના મગદલ્લા ગામ ખાતેથી ઉમરા પોલીસે આરોગ્યની ટીમને સાથે રાખીને બોગસ બે ડોક્ટરોને ઝડપી પડ્યા છે

# ૧૨ પાસ બોગસ મહિલા ડોક્ટર ઝડપાઈ, ૧૦ પાસ ડોક્ટર સાથે મળીને ક્લિનિક ચલાવતી હતી

। પ્રતિનિધિ, સુરત, તા.૨૬ ।

સુરતના મગદલ્લા ગામ ખાતેથી ઉમરા પોલીસે આરોગ્યની ટીમને સાથે રાખીને બોગસ બે ડોક્ટરોને ઝડપી પડ્યા છે. જેમાં બોગસ મહિલા ડોકટર મગદલ્લા ગામમાં પોતાના ઘરમાં જ ક્લિનિક ચલાવતી હતી. બંને પાસે પોલીસે જરૂરી ડોક્ટર સર્ટિફિકેટ માગ્યું હતું. જે બંને બોગસ ડોક્ટર પાસે હતા નહીં જેથી તેમની પ ોલીસે ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સુરતમાં છેલ્લા ઘણા સમયથી બોગસ ડોક્ટરોનો રાફડો ફાટ્યો હોય તેવું લાગી રહ્યું છે. પહેલા પાંડેસરા પોલીસે ૧૪ જેટલાં બોગસ ડૉક્ટરોને ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ ઉધના ડીંડોલી અને કાપોદ્રા વિસ્તારમાં પણ પોલીસે કેટલાક બોગસ ડૉક્ટરોને ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા ઝડપી પાડ્યો હતો. ત્યારે હવે ઉમરા પોલીસે મગદલ્લા ગામ ખાતેથી બે બોગસ ડોક્ટરોને ઝડપી પાડ્યા છે.આ બાબતે ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યુંકે, ઉમરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા મગદલ્લા ગામ ખાતેથી પોલીસે બાતમીના આધારે મેડિકલની ટીમ સાથે રાખીને એક મહિલા સહિત બોગસ ડોક્ટરોને ઝડપી પાડવામાં આવ્યા હતા.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya